
સૂવાસિકા

કાવ્ય.

રચનાર.

મધુવચરામ બળવચરામ હોરા.



અમદાવાદ.

મામાની હવેલીમધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ અને
જનરલ એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૮.

કિમ્મત ચાર આના.

TO,

C. E. G. CRAWFORD ESQUIRE C. S.

THIS

LITTLE POEM

IS INSCRIBED

WITH

SINCERE FEELINGS.

Of admiration and esteem for his high character, liberal views, great administrative capacity, and a keen sense of appreciating merit, and of gratitude for his genuine kindness'.

BY

THE AUTHOR.

સી. ઈ. જી. ક્રાફર્ડ, એસ્કવાયર. સી. એસ.

એમનાં ઊંચ સદ્‌ગુણો, ઉદાર વિચાર,

કાર્ય રચના વિશે નિપુણતા, તેમજ

ગુણ પરિક્ષાની તિવ્ર બુદ્ધિ, એથી

સાનંદાશ્ચર્ય પામતાં, અને

એમની સાચી મમતાનું

આભારથી સ્મરણ

કરતાં

અર્પણ કરૂંછું હું

મધુવચરામ બળવચરામ.

આ

લઘુ ગ્રંથ

એમને.

પ્રસ્તાવના.

કવિતા એટલે શું, ખરી કવિતા કોને કહેવી, એ પ્રશ્ન સેંકડો વરસથી ચરચાયછે પણ આજ પર્યંત તેનું નિશ્ચય ફળ પ્રાપ્ત થયું નથી. કવિતા એ અલૌકિક વસ્તુ છે અને તેનું સત્ય સ્વરૂપ સંપૂર્ણ રીતે ભાયગેજ ભાસે એમ હું માનુંછું, અને તેથી તેનું યથાસ્થિત વર્ણન થવું અશક્ય છે. કવિતા કરવાની શક્તિ ઇશ્વરદત્ત છે એમ જગત વાણી પ્રસિદ્ધ છે. જગતવાણી જેને સાધારણ રીતે કહેવત કહીયે છેએ તે સેંકડો વરસના શાણા અને ચતુર અનુભવથી પ્રાપ્ત થયલું તત્વ છે. જગતવેણ ક્વચિતજ અસત્ય નીવડેછે. આથી પણ કવિતા દેવીનું અદ્ભૂત સ્વરૂપ અગોચર છે. સંપૂર્ણ સ્વરૂપ અગોચર અને અવર્ણનિય છે એમ સિદ્ધ થાયછે. આ પ્રમાણે છતે આ લઘુગ્રંથમાં કવિતા જેવું કંઈ છે કે નહિં એ નિશ્ચયપણે માનવાને હું અશક્તિવાન છું. એમાં દોષ તો અનેક હશે, કેમકે દોષરહિત કિયો માનવી હોયછે? સમર્થ વિદ્વાનોમાં પણ જ્યાં દોષ દેખાયછે ત્યાં મારા જેવા અલ્પ-બુદ્ધિમાં શું પૂછવું? માણસમાત્ર જુસ્સાને વશ છે અને તેમ જુ-સ્સાને વશ થઇને જુસ્સામાં જુસ્સામાં જે સુઝ્યું તે ઘસડી કહાડયું છે. આવું લખેલું બધા વાંચનારાને પ્રસન્ન થઈ પડશે એમ માનવું એતો મૂર્ખાઈ છે. જે વસ્તુ એકને પ્રિય તે બીજાને અપ્રિય હોયછે. એક જાતના રસમાં પણ ભિન્નતા હોયછે અને ભિન્ન ભિન્નજનોને ભિન્ન ભિન્ન પ્રકાર પ્રિય લાગેછે. ગોળ, શાકર, મધ, કેરી ઇત્યાદિમાં ગળપણ રહેલું છે પણ તે જુદા જુદા પ્રકારનું છે અને એમાં પ્રત્યેકનો વિચાર કરતાં તે સઘળાની ઇંદ્રીને એક સરખી રીતે અનુકુળ નથી. તેમજ આ ગ્રંથ સઘળાને એકસરખી રીતે રૂચશે એમ બનવું . છે." મને એ પ્રિય છે એમ કહેવાની જરૂર નથી કેમકે પોતાનું .ન કોને અપ્રિય હોય? વળી મારા જે જે સ્નેહીઓએ આ પુસ્તક વાંચ્યું છે અથવા સાંભળ્યું છે તેઓને અને તેમાં મુખ્યત્વે કરીને સારૂં સંસ્કૃતજ્ઞાન ધરાવનારા પંડિતોને તો અતિ રૂચ્યું છે, અને તેથીજ વિદ્વાન મંડળના ચર્ણાર્વિંદ આગળ તેને મુકવાને આ પ્રસંગ સાધવાને હું લલચાયોછું.

શુદ્ધિપત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૪	પહ્લવ.	પલ્લવ.
૬	૭	વશે.	વિશે.
૮	૧૫	ખડાં.	ખેડાં.
૩૧	૨	કપાળ.	કૃપાળ.
,,	૫	પ્રસરી.	પ્રસારી.
૩૬	૧૨	પ્રફુલ્લીત.	પ્રફુલી.
,,	૧૩	બન.	બન્ને.
૫૬	૯	કમ.	કેમ.
૫૯	૪	લગવા.	લાગવા.
૭૭	૮	ફર.	ફરે.
૬૧	૬	છ.	છે.
,,	૧૧	તન.	તેને.
,,	૧૩	સુવસિકા.	સુવાસિકા
,,	૧૪	જાતાં.	જોતાં.
,,	૧૬	થવું.	થાવું.
૬૪	૫	તણારે.	તણીરે.
,,	૧૧	છપ.	છુપું.
૬૫	૪	બળછ.	બળેછે.
૬૮	૭	સંભરતાં.	સંભારતાં.
,,	૧૯	સરિ.	સારિ.
૭૧	૧૭	પરમાત્માની.	પરમાત્મને
૭૨	૨૨	સમદ.	સમંદ.

સૂવાસિકા.

ઈંદ્રવજ્રા.

આદ્યે સ્મરી દેવિ સરસ્વતીને,
જે આપવા વાળી મહામતીને;
સામર્થ્ય સત્ સ્નેહનું હું શુણું છું,
જ્ઞાની જનોના રૂદયો ખિલાવું. ૧

છો મૂર્ખ મોટા કરતા લવારો,
વેદોક્તિ જાણે અજ શું બિચારો;
રે લાગણી જેનિ બધાયલી છે,
તે કેમ રે કોમળ સ્પર્શ પ્રીછે. ૨

નારી નિહાળી ચિત્તમાંહ્ય ચોંકે,
સ્ત્રી શબ્દ જેને શુળ તુલ્ય ભોંકે;
છે વજ્રથી છાતિ કઠીન જેને,

---

૧ આદ્યે=આરંભે, સ્મરી=યાદ કરીને, ધ્યાન ધરીને, મહામતી=મોટી બુદ્ધિ, સામર્થ્ય પ્રબળ, જોર.

૨-પ્રેમની અવગણના ભલે મૂર્ખ લોકો કરતા-મોટા કહેવાતા પુરૂષો છો એવા લવારો કરતા, પણ તેઓ મૂર્ખછે. અજ એટલે બકરો બિચારો વેદના સૂરને શું સમજે.

કોમળ સ્પર્શ—જેનું શરિર બધાઈ ગયેલું છે, જડ [illegible] ને સુંદર સ્ત્રીનો કોમળ સ્પર્શ કેમ સુખ આ[illegible] એ સ્પર્શ તે શું સમજે, અથવા કોઈ પણ કોમળ સ્પર્શ તે શું સમજી શકે.

ક્યાંથી પિમાળે રસવારિ તેને. ૩
એવા મનુષ્યો રસહીન હોએ,
નિર્ગંધો કિંશૂક સમાન સ્હોએ;
પાષાણુથી પલ્લવ છે રચેલું,
વારી વિના કર્કશ છે ગગેલું. ૪
પાંડીત્ય મિથ્યા જગમાં જણાવે,
ખોટો નીતીનો ધ્વજ તે ઉડાો;
શ્રૃંગારને નિત્ય વખોડતા એ,
છે અન્ય દુર્ગૂણથિ ખોડતા એ. ૫
જે ના જુએ નિર્મળ નેત્રથી રે,
શું રૂપ સાચું સમજે કદી તે;
જેની દૃગોમાં કમળો વસે છે,
પીળાસ તેને સહુ વસ્તુમાં છે. ૬
જેની રસેંદ્રી થઈ છેક શુન્ય,
તે શું લ્હે મિષ્ટ છતેજ અન્ન;

---

૩ સ્ત્રી એ શબ્દજ જેને બાઘા જેવા લાગે. રસવારી—રસ રૂપી જળ, પાણી.

૪ એવા રસહીન-રસ વિનાના માણસો, ભલે દેખાઇતા સારા હોય પણ તે કિંશુક પુષ્પ જેવાછે, કેમકે તે દેખાવડું છે પણ તેમાં સુગંધ નથી. જે મુખ્ય ગુણ જોઇએ તે નથી. તેઓ વળી કેવાછે કે સારૂં બાંધેલું પણ પાણી વિનાનું તળાવ જે પાણી વિના ખડબચડું દેખાયછે તેવા.

૫ ધ્વજ=વાવટો. તેઓ શૃંગારને દુર્ગુણ કહીને વખોડે છે પોતે બીજા દુર્ગુણોથી લંગડાતા ચાલેછે તે વિચારતા નથી.
... રંગનાં ચસ્મા પહેરે તેવા રંગ તે બધામાં દેખે. ...
..ા હોય તે બધી વસ્તુમાં પિળાસ દેખેછે, પણ વ-
...થી પણ તેઓની આંખજ દોષવાળી છે.

જે પિત્તથી હોય જનો પિડાતા,
શાકેર જાણે કડુ આપ ખાતાં. ૭
તેથી શું વસ્તુ ગુણ તે તજે છે,
શું નિર્વિકારી જન ના ભજે તે;
છે પ્રેમ દૈવી પ્રભુની કૃપાએ,
અંશી જનો પાનથી તૃપ્ત થાએ. ૮
પીયૂષ પીતાં શશિનું રસાળાં,
વૃક્ષાદિ થાતાં બહુ ગૂણ વાળાં;
પાષાણ નિર્ભાગ્ય શું એ પિછાણે,
પ્રેમ રહ્યાછે શઠ એ પ્રમાણે. ૯
રે પ્રેમ તારી કૃતિ જોઈ મોટી,
મારે પ્રસંશા કરવી ન ખોટી;
વાલ્મીક ને વ્યાસ વિપૂલ શીર્ષા,

---

૭ જેની રસેંદ્રી બહેર મારી ગઇ છે,—જેની જીભમાંથી સ્વાદજ જતો રહ્યોછે, તેને ગળપણ અથવા મીઠાસવાળું અન્ન ખાવા મળે પણ તેને મીઠાસ ક્યાં લાગે, જેને પીત્ત થયું હોય તેને બધુંજ કડવું લાગે—શાકેર ગળી છતાં તેનેતો કડવીજ માલમ પડે.

૮ એવા માણસોને ખરો સ્વાદ નહિ લાગે તેટલા માટે શું તે વસ્તુએ પોતાનો ગુણ ખોયો એમ કહેવાય ? ના, અને એટલા માટે જેઓ વિકાર વિનાનાં છે, જેઓ પીત્તથી પીડાતાં નથી તેઓશું તેનો અનુભવ નહિ લે ! નહિ ખાય ? પાન=પીવું. તૃપ્ત=સંતોષ પામે.

૯ પ્રેમ કેવોછે ? બહુ ગુણવાળો છે, ગુણકારી છે, શશિ એટલે ચંદ્રમાનું પીયુષ એટલે અમૃત વૃક્ષ એટલે ઝાડ વગેરે વનસ્પતિ પિયેછે અને તે પીવાથી વનસ્પતિઓ બહુજ ગુણવાળી થાયછે, પણ એજ અમૃત પાષાણ એટલે પથ્થરના ઉપર પડેતો કંઇજ ફળ નથી, પાષાણ તે અમૃતનો ગુણ શું સમજે, કેમકે તે નિર્ભાગ્ય કમનસીબ છે.

જેની કવીંદ્રો કરતાજ ઈર્ષા. ૧૦
છે જ્ઞાન રત્નાકર ઉપમાએ,
છે પૂજ્ય જે સુમનને સદાએ;
ઈંદુ રવી ધર્મ પ્રકાશકોએ,
છે દુષ્ટતા તીમિર નાશકોએ. ૧૧
વિશ્વે વખાણ્યા કવિ કાળિદાસ,
બ્રાહ્મી તણો છે વદને નિવાસ;
લાલીત્યમાં વિશ્વ બધી વિંટાળી,
જેની ન આજે તુલના નિહાળી. ૧૨
જેની ગિરા મોહિની તર્ત ભાળી,
પામેછ મૂર્છા મરદો રસાળી;
પેલો પિતા પ્રાકૃત કાવ્ય કેરો,
મ્હેતોજી સદ્‌ભકત દયો ભલેરો. ૧૩

---

૧૦ પ્રસંશા-વખાણ, વિપુલશીર્ષા-મોટા માથાવાળા. વાલ્મિક અને બ્યાસનાં કેવાં મોટાં માથાં હશે, કેમકે ત્યાર વિના અપૂર્વ બુદ્ધિવાળા તેઓ ક્યાંથી હોય.

૧૧ એ બ્યાસ અને વાલ્મિક કોણ હતા, જ્ઞાનના રત્નાકર સમુદ્ર-જેમાંથી અનેક રત્ન મળે, અને વળી સૂમન એટલે નીતિવાળું જેનું મનછે એવા જે દેવતા તેઓને પણ એ મહાપૂરૂષો પુજ્ય છે; વળી ધર્મને પ્રગટ કરનાર છે, ધર્મના ચંદ્ર અને સૂર્યરૂપછે અને દુષ્ટતા, એટલે પાપ બુદ્ધિને, પાપરૂપી તીમીર, અંધારાને—અનીતીને નાશ કરવાવાળા છે.

૧૨ કાળીદાસની જીભે સરસ્વતિનો વાસ હતો. બ્રાહ્મી-બ્રહ્માની પુત્રી જે કુમારિકા હતી તે. કાળીદાસ પોતાની વાણીથી દરેક વસ્તુને લાલિત્યમય કરી નાખેછે. તુલના—જોડ.

૧૩ કાળીદાસની વાણી કોઈ ઘણીજ રૂપાળી સ્ત્રી જેવી છે કે જેની મોહીનીમાં ભલભલા મૂર્છા ખાયછે, પણ તે મૂર્છા કેવીછે? રસવાળી, રસ આપનારી—સુખ આપવાવાળી છે.

વિદ્વાન વિખ્યાત વડોદરાનો,
કર્તા નળાખ્યાન તણોજ શાણો;
એ નિર્મળો જો રસ સ્રોત સોહે,
પીતાં તૃષીતો બહુ તૃપ્ત હોએ. ૧૪
દેશો વિદેશો બહુ દિવ્ય રૂપ,
મોટા પ્રકાશ્યા કવિ ફીલસુફ;
છે ફીલસુફો કવિઓ અનૂપ,
જાણો કવીઓ ફિલસુફ રૂપ. ૧૫
શું પ્રેમ સર્વે નથિ એ વખાણ્યો,
શું પાપની ખાણ રૂપે પિછાણ્યો;
સદ્ પ્રેમ મૂર્તિ અદ્ભૂત ભાળી,
મોહી રહ્યા સંશય સર્વ ટાળી. ૧૬
શાસ્ત્રી સમર્થો કરિ દીર્ઘ દ્રષ્ટી,
એને પ્રસંશાનિ કરે સુવૃષ્ટી;
તે પ્રેમ જે વિશ્વ વિશે છવાયો,
ત્રૈલોક્યમાં શ્રેષ્ટ સદા ગવાયો. ૧૭
તેનું કહું ગુણી ચરિત્ર હાવે,

મ્હેતાજી—નૃસિંહ મહેતા, જે ગુજરાતી કવિયોમાં પ્રથમ ગણાય છે. તેનૂસૈંયો કેવા? આખી જગતમાં મોટો-સાચો ભક્ત મણાયો તે.

૧૪ પ્રેમાનંદ. રસસ્રોત=રસનો ઝરો.

૧૬ કવિયોએ અને ફિલસુફોએ શું પ્રેમની પ્રસંશા નથી કરી! શું તેઓ ઊંચા પ્રેમને પાપરૂપ સમજતા હતા? સાચા પ્રેમની અદ્ભૂત મૂર્તિ જોઇને તેઓ તેના ઉપર મોહી રહ્યા છે, અને તેઓને કંઈ પણ સંશય રહ્યોજ નથી—એ મૂર્તિને નિર્મળ જોઇછે! એટલે તેમાં કંઈ વિકાર રહેલો છે—પ્રેમમાં દોષ—પાપ રહેલું છે એવું તેઓ માનતા નથી.

૧૭ દીર્ઘદૃષ્ટિ=લાંબી નજર, ઊંડો વિચાર, પ્રસંશા=વખાણ.

અંશી જનોને દિલ માંહ્ય ભાવે;
છે શોભતું સુંદર કોઈ ગ્રામ,
શું છે ખરે નામ કહ્યાનું કામ. ૧૮
સૃષ્ટીનું સૌંદર્ય રહ્યું છવાઈ,
શોભે ભલા ડુંગર ભવ્ય તાંહી;
ઝાડી તણાં ઝુંડ વિશાળ દીસે,
છે મસ્ત પક્ષી જહિં ગાન વાસે. ૧૯
ચેષ્ટાળુ શાખામૃગ ત્યાં ખરાડી,
વૃક્ષે ચડી દે મધુરાં ઉરાડી;
વૃક્ષો તણી સોહ્ય અનેક જાતી,
નિત્યે લતાઓ લપટાઈ ભાતી. ૨૦
માનુષ્યી દ્વેષી નથિ દૃષ્ટિ પાસે,
સ્વામી સું તેથી વળગી વિલાસે; ૨૧
શાખ્યાં તહીં આતપ કીર્ણ વારી,
દીસે રહ્યું જ્યાં તમ છે પ્રસારી;
શું લાજ કાજે રવિ દેવ કેરી,
આવી બનીછે રચના ભલેરી. ૨૨

૨૦-૨૧ શાખામૃગ એટલે વાંદરા તે કેવાછે તો કે ચેષ્ટાળુ, અટકચાળા, એ વાંદરા ઝાડો ઉપર ચડી જાયછે અને ત્યાં મધુરૂં ગાયન કરતાં જે પક્ષીઓછે તેને ઊરાડી મુકેછે. લતાઓ-વેલાઓ લતારૂપી સ્ત્રી નિત્ય-હમેશ વૃક્ષરૂપી સ્વામીને વિંટલાઈ વળેલી રહે છે. હંમેશ એ પ્રમાણે તેને વળગેલી રહેછે તે શા માટે? શું મનુષ્યો, માણસોની અદેખી નજર તેના ઉપર પડતી નથી તેથી. માણસ જાતમાં અદેખાઈ છે અને દ્વેષ છે—કોઇનું સુખ તેનાથી ખમાય નહીં અને તે વળી એવું સુખ જોઇને ઉલટો દ્વેષ રાખે. એવું વૃક્ષ જાતીમાં નથી.

૨૨ ત્યાં ઘટા એટલી બધી છાઈ રહીછે કે આતપ એટલે સૂર્યનાં કીર્ણ, અંદર પ્રવેશ કરી શકતાં નથી—સૂર્યનાં કીર્ણ અટ

પક્ષી પશુ મસ્ત થઈ ફરેછે,
દંપત્તિ કલ્લોલ સદા કરેછે;
શું પામવું વિસ્મય એહ વાતે,
સર્વેદ્રિ ઉદ્દીપન જોઉં થાતે. ૨૩

જ્યાં સોહ્ય સ્વાદુ ફળ ભાતભાતી,
પુષ્ટી થતાં ભૂખ ભલી સમાતી;
પુષ્પે પરાગે પ્રસરી સુગંધી,
જેથી લહે બુદ્ધિ વિલાસ વૃદ્ધિ. ૨૪

જ્યાં ખોટ પુષ્પાસવની નથી રે,
ઉન્માદ ત્યાંનો ન જતો કથીરે;
શું સૃષ્ટિ લીલા બધી હું વખાણું,
જારી કરૂં મારૂં ફરિ હું ગાણું. ૨૫

પાસે સલીતા ચપળા વહેછે,
જેનો અતીશે મહિમા કહે છે;

કાવી રાખ્યાં છે અને દીશે એટલે દિવશે પણ ત્યાં તમ એટલે અંધારૂં પ્રસરી રહેલું છે. આવી રચના તે શા માટે થઈ હશે? શું વૃક્ષ અને લતાઓને સૂર્યનારાયણ દેવતાની લાજ પડેછે તેથી.

૨૩-૨૪ પક્ષી પશુઓનાં જોડાં ત્યાં મસ્ત થઈ ફરેછે અને કલ્લોલ કરેછે, અને એમ થાય તેમાં શું આશ્ચર્ય કેમકે ત્યાં તેઓની સઘળી ઇંદ્રીઓ જાગૃત થાયછે કેમકે ત્યાં નાનાપ્રકારના ફળ-સ્વાદિષ્ટ ફળો ખાવાને મળેછે. તે ખાધાથી ભુખ મટેછે અને પુષ્ટી થાયછે (જંગલનાં કેટલાંક ફળો ઘણાજ ધાતુપુષ્ટ હોય છે). તેની સાથે ફુલોની સુગંધી પ્રસરી રહીછે અને ફુલમાંથી નીકળતા પરાગ-ચૂરણની સુગંધી-ચૂરણની રજ ઉડી રહીછે તેથી સુગંધી ફેલાઈ છે. તેથી વિલાસ વૃદ્ધિ કેમ નહિ પામે? આવું છતાં સ્વાભાવિક રીતે પ્રાણીનું મન વિલાસી બને.

૨૫ ત્યાં પુષ્પાસવ-ફુલમાંથી નીકળતો રસ—મદીરા—જોઇએ

પૂર્વે સતી કો ખળથી ફસેલી,
આવી અહીં ને શ્રમથી પડેલી. ૨૬
ચિંતાતુરા શિયળ પાળવાને,
પ્રાર્થે પ્રભુને દુખ ટાળવાને;
સ્વપ્ને ન ધર્મે ચળિછે કદીજે,
સ્તૂતી ફળી તર્ત બની નદી તે. ૨૭
સ્નાને થતા લોક સદા પવિત્ર,
કો સંત સાધુ નિત હોય અત્ર;
ઉઠી પ્રભાતે કંઈ સુંદરીઓ.
જાએ નદી ઉદ્યમની ભરીઓ. ૨૮
સ્નાને કરી શુદ્ધ શરીર આપ,
પાછી ફરેછે સખિયોનિ સાથ;
હાથેસુ ચુડો ખળકાવતી તે,
ઉરે ઘરેણું ચળકાવતી તે. ૨૯
ખડાં ભરી નિર્મળ વારિ પીવા,

તેટલો છતાં મસ્તીમાં પણ વધે એમાં શું આશ્ચર્ય.

૨૬-૨૭ ત્યાં પાસે નાની (નાજુકતા બતાવેછે) સલિતા વહેછે. નદી આવીછે, તે કેવીછે ? ચપળા—જેનો વેગ વિશેષ છે, ચાલવામાં ઉતાવળી છે તે. એનો લોકોમાં મહિમા ઘણોછે. હવે એની ઉત્પત્તિ કહે છે અને મહિમાનું કારણ બતાવે છે. પૂર્વે-આગલા કાળમાં કોઈ સ્ત્રી પોતે ઘણીજ પતિવૃતા છતાં એવા જોગમાં ફસી પડી કે કોઈ ખળ લુચ્ચો-લફંગો માણસ તેના પાછળ લાગ્યો, તેનાથી તે નાઠી. નાસતાં નાસતાં અંતે શ્રમથી થાકીને પડી ગઈ. તેને ચિંતા થઈ કે હવે દુષ્ટ મને પકડી પાડશે અને મારૂં પતિવ્રત લુંટશે. આવી સ્થિતિમાં તેણે ઇશ્વરની પ્રાર્થના કરી અને તે પ્રાર્થના સંભળાઈ કેમકે તે સ્ત્રી તરત આ નદીરૂપે થઇને રહી. પ્રાર્થના શા માટે સંભળાઈ? કેમકે પોતાની સ્વપ્નાવસ્થામાં પણ તે ધર્મથી ચળી નહોતી એવી તે પતિવૃતા હતી.

વસ્ત્રો ભીનાં કંધર ઉચ્ચ ગ્રીવા;
ધોવા શું તે અંતર મેલ નિત્યે,
જાતી ભરી એ જળ શુભ પ્રીતે. ૩૦

છે બેડલાં ઉપર બેડલું જો,
શું સૂર્ય કીર્ણે ચળકી રહ્યું જો;
બેડે લસેછે છબિ-વૃક્ષ વીથી,
શું ચિત્રતો જાય રવી કિરેથી. ૩૧

હાસ્યે વિનોદે મદમાતિ જાતી,
કંચૂકિ ભીની તનમાં તણાતી;
સ્ત્રી મૂખચંદ્રો પ્રગટે પ્રભાત,
સૂર્યે પ્રભાત ક્યમ માનું વાત. ૩૨

છે ચંદ્ર નિશ્ચે મધુ જો ઝરેછે,
જોતાં ન શું એ નયનો ઠરે છે. ૩૩

---

૩૦ સ્ત્રીઓ નાહીને પાછી ઘેર જાયછે ત્યારે એ નદિનું નિર્મળ એવું જે પાણી તે બેડાંમાં ભરી જાય છે, ભિનાં વસ્ત્ર બાંધે નાએલાંછે (કંધર-ખાંધ) અને ઊંચી ડોક રાખીછે સ્નાનથી પોતાનું શરિર તો અહિં શુદ્ધ કીધું પણ અંતરનું શું ? અરે તે બેડાંમાં પાણી લઈ જાયછે તે પોતાની અંતર મેલ ધોવાને લઈ જતી હશે ? અંતરનો મેલ કોઈ પ્રગટ કરે નહીં, તે તો છુપોજ હોય અને તેથી અહિં તે મેલ ધોતી નથી.

૩૧ બેડે લસેછે—બેડાંઓ ધાતુનાં, માંજેલાં અને પાણી ભરેલાં એટલે ભીનાં હોય તેથી સ્ત્રીઓ જાયછે તે વેળા તે બેડાં ઉપર છબીઓ પડેલી શોભે છે. તે છબી શેની ? ઝાડની હારની હાર, એટલે બેડાં માર્ગમાં આવતાં ઝાડની છબીએ; ચળકી રહેછે. અરે, એ છબીઓ શું સૂર્ય પોતે પોતાના કીરણરૂપી હાથેતો નહિ ચીતરતો જતો હોય, બેડાં ઉપર સૂર્યનાં કીર્ણે પડવાથી છબી ચળકે છે.

૩૨-૩૩ એ પ્રમાણે હાસ્ય અને વિનોદ કરતી, મદની ભરેલી

રે જાઉછું હું અવળો તણાઈ,
દેજો ક્ષમા સજ્જન સર્વ ભાઈ;
તે ગ્રામને પાદર છે રસાળું,
વીશાળ વાપી નિકટે નિહાળું. ૩૪
ખેતી કરે ખેડુત આસપાસ,
જેને ભૂમીમાં ઠરિ સર્વ આશ;
સેવે શ્રમેથી જન ભક્તિભાવે,
પૃથ્વી પ્રસન્ન ધનધાન્ય પાવે. ૩૫
છે ભૂમિ સાચે રળિઆમણી રે,
જ્યાં વાટિકા શુભ ઘણી બણી રે;
ત્યાં પાદરેછે વડ વૃક્ષ વૃદ્ધ,
રોપી ગયા શું પુરવે વિબુદ્ધ. ૩૬

સ્ત્રીઓ,સ્નાન કરવાથી જેઓની કંચુકી-કાંચળી ભીની થએલીછે. અને તાણીને પહેરેલીછે તે જાયછે. તેઓનાં મુખ ચંદ્ર જેવાંછે, એ મુખચંદ્ર આ પ્રભાતને સમયે પ્રગટ થાયછે—પ્રકાશેછે, એટલે પ્રભાત અને એ ચંદ્રનું પ્રગટવું એકી વેળાએ છે, ત્યારેતો ચંદ્રથી પ્રભાત થએલો જણાય છે અને સૂર્ય ઉગવાથી પ્રભાત થાય છે એમ જે કહેવાયછે તે કેમ મનાય? પણ એ સ્ત્રીનાં મુખ ચંદ્ર નહી હોય એમ કેમ શંકા નહી જાય? પણ એ શંકા લઈ જવાનું કારણ નથી અને એ ખરે ચંદ્રજછે કેમકે ચંદ્રમાં મુખ્ય બે ગુણ છે, તેને જોતાં નેત્ર ઠરેછે અને તે અમૃત ઝરેછે. પણ સ્ત્રીનાં મુખમાં કયાં એ ગુણ નથી, તે પણ અમૃત ઝરેછે અને તેને જોતાં પણ આંખ ઠરેછે, માટે સ્ત્રીમુખ એ ચંદ્રજ છે એમાં જરા શક નથી.

૩૫ પૃથ્વીને કોઈ દેવી સમાન ગણીછે જે માણસ તેને સેવે મહેનત કરીને અને ખરા ભાવથી-સેવે-તેના ઉપર તે પ્રસન્ન થાય છે અને ધન-પૈસા અને ધાન્ય ભક્તને આપેછે. ખેડુત મહેનત કરે નહીને બરાબર લક્ષ નહિ રાખે તો તેને સારૂં ફળ મળે નહીં.

૩૬ વિબુદ્ધ=દેવતાઓ.

છ પાસ દેવાલય એક નાનું,
મેં ગ્રામ દેવી તણું એ પિછાણ્યું;
છેટે રૂડી ઝુંપડિ બે દિશે છે,
જ્યાં વાસ કુટુંબ ભલાં વસે છે. ૩૭
પુત્રી પિતા એક વિશે રહે છે,
સૂવાસિકા સદ્ગુણ જો કહે છે;
રે તાતને વીતકડાં વિત્યાં છે.
જેથી વિકારો મનના જીત્યા છે. ૩૮
નોતો ભણ્યો શાસ્ત્ર પુરાણ આદી,
સૃષ્ટી કૃતી સદ્ગુરૂ સેવ સાધી;
દેશે વિદેશે નથિ ગર્થ ખોયા,
સંસારના માર્ગ અનેક જોયા. ૩૯
જન્મ્યો હતો આપ મહા કુલીન,
દૈવે બનાવ્યો હમણાજ દીન;
સારા જનોની બહુધા કસોટી,
નીમી પ્રભુએ મતિ ધારિ મોટી. ૪૦
સંસ્કાર પામે બહુ રત્ન જ્યારે,
તાપે તપે કંચન ખૂબ ત્યારે;
વૈમલ્ય વાધે મળ જ્યાં મટે છે,
તેને મહા મૂલ્ય પછી ઘટે છે. ૪૧

---

૩૯ તેણે દેશ વિદેશે બહુ મુસાફરી નથી કરી, પણ સંસારના માર્ગ તેણે ઘણા જોયા છે.

૪૧ રત્ન પૃથ્વીમાંથી પ્રથમ નીકળેછે ત્યારે તે માટીવગેરેથી મિશ્ર હોયછે. પાછળથી તેના ઉપર અનેક ક્રિયા થાય છે. ઘસી કહાડવા વગેરેની, તેમજ સોનું હોય તેને પણ તાપમાં તપાવે છે, ત્યારેજ તેનો મેલ જતો રહેછે અને શુદ્ધ બનેછે. અને એમેઉ જ્યારે નિર્મળ થાયછે ત્યારેજ તેની કિમ્મત વધેછે.

સદ્‌ગુણના સર્વ ચરિત્ર તેથી,
વિશ્વે પ્રકાશ્યાં અદકાં દુખેથી;
સંતોષમાં તે નિજ દીન ગાળે,
હૈયું ન તેનું પરસુખ બાળે, ૪૨
સદ્ધર્મના નીમ કદી ન મૂકે,
વિશ્વાસ જેને હરિનો ન ચુકે;
પત્ની પ્રિયા દેવી હતીજ એને,
ચોરી ગયો છે યમ દુષ્ટ તેને. ૪૩
માતા તણી સત્યસુતા સુમૂર્તિ,
સંતોષ તેને નીત આપ પૂર્તી;
સમ્મૃદ્ધિમાં પુષ્કળ મ્હાલનારી,
દાસી અને સેવક પાળનારી. ૪૪
સ્વામી તણી સ્નેહથિ નિત્યસેવ,
જે આદરે છે લહિ સત્ય દેવ;
જે નેત્રથી અમૃત તો ઝરે છે,
ઓષ્ટેથિ સામી મુખમાં ભરે છે. ૪૫
લાવણ્ય લીલા સ્મિત હાસ્યવાળી,
ભૂલે પતી તે શ્રમ દુઃખ ભાળી;
એવી પ્રિયા કોમળ અંગિ ચારૂ,
સ્વામી રૂદેથી ખસતી શું વારૂ. ૪૬
દુઃખે દુખીને સુખથી સુખી જે,
રોશે ન દીઠી, પતિ ખૂબ ખીજે;
છાયા રૂપે જે વરતી સદાએ,
તે લોચનેથી ક્યમ દૂર થાએ. ૪૭

---

૪૭ સ્વામિ સુખી તો પોતે સુખી, સ્વામિ દુઃખી તો પોતે દુઃખી, સ્વામિ કોઈ વાર ખીજે તોપણ જેણે કોઈ વાર પણ રીસ

વર્ષો વિત્યાં છે બહુ તોય આજે,
સંભારતાં તે નિજ દિલ દાઝે;
વેઠી વિપત્તિ બહુ ધીરતાથી,
તોએ પતિને રહિ વીંટલાતી. ૪૮
છાંડી રૂડી દેહ વિપત્તિ માંહી,
સાલે ન શું તે અતિ છાતિ માંહી;
સ્વર્ગે હજો વાસ સદાય તારો,
શું હું કરૂં દેવ રૂઠ્યોજ મારો. ૪૯
એવું વદી વારત અશ્રુપાત,
ન્યાળે સુતાને છબિ એક ભાત;
પુત્રી વીશે પ્રીત વધુ ઠરી છે,
તે પ્રાણનું તત્ત્વ બની ખરી છે. ૫૦
બોલાવી પાસે મુખ જોય ન્યાળી,
રાખે પ્રેમે તે નિજ નેણ વારી;
વાંસે સુંવાળે કર ફેરવે છે,
ઇચ્છા શું તેની હસિને પુછે છે. ૫૧
શીખામણોનાં વચનો વદે છે,
તેનું ધરી હીત સદા રૂદે તે;
બેસાડી પાસે મિઠિઓ લિયે છે,
આશીશ પોતે દિલથી દિયે છે. ૫૨
તે મિષ્ટ વેણો પડતાં ઝિલે છે,
ઇચ્છાનુસારે ઘણું તે પળે છે;
આડાઈ લેજો કદિ બાળબુદ્ધી,

કીધી નથી--જેને રીસ ચડી નથી, સ્વામિની છાયા જાણે હોયની તે પ્રમાણે જે હમેશ ચાલતી હતી, તેની છબી તે સ્વામિને આંખ આગળથી કેમ ખસે? નહિજ ખસે.

૫૦ વારત=અટકાવી રાખેછે, અશ્રુપાત-આંસુનું પડવું. સુતા-છોકરી પોતાની માતાનીજ જાણે છબી હોયની તેવીછે.

શાંતી કરેછે સમજાવિ ઉંઘી. ૫૩
સંભાળ સારી નિશદિન રાખે,
ચેને ન દીશે લવ તેહ પાખે;
એ છોડ એ રીતથી ઉછરે છે,
જોતાં અતી સુંદર તે ઠરે છે. ૫૪
રે કો રખે ઉષ્ણ સમીર વાએ,
પત્રો રખે કો કરમાય કાંએ;
આશા ધરે તાત વિશાળ કાંઈ,
ધાર્યું ધણીનું, ન જતું કળાઈ. ૫૫
ભક્તિથિ દેવી જઈ નિત્ય પૂજે,
જે કામધેનુ મન માગ્યું દૂજે;
મારી ઘણા ગાલ વિશે તમાચા,
માગે ક્ષમા તે વદિ દીન વાચા. ૫૬
સાષ્ટાંગ પોતે નમિ પાય લાગે,
પુત્રી તણું નિશ્ચળ સૂખ માગે;

---

૫૩ છોકરીના મ્હોડામાંથી પડતા બોલ ઝીલે છે અને ઘણું ખરૂં તેની મરજી સાચવેછે, પણ બાળક અંતે નાદાન તેથી કોઈવાર જો કંઈ આડાઈ લે, જેમકે નહિ થઈ શકે એવું કરવાનું કહેતો, તે તેને ઉંધું (કેમકે છોકરાંને પૂરી સમજ નહિ કે ખરૂં બોલે છે કે ખોટું તેની પરિક્ષા કરે) સમજાવીને ટહાડી-ધીરી પાડેછે. એ પ્રમાણે બાપ છોકરીના ઉપર અત્યંત પ્રીતિ રાખીને ચાલે છે.

૫૫ રખેને હુનો પવન આવતાં કાંઈ નાજુક વૃક્ષનું એક પાંદડું પણ કરમાય એવી બાપને ચિંતા રહેછે, એટલે રખેને છોકરીના શરિરને કંઈ ઇજા થાય. બાપતો મોટી મોટી આશા રાખેછે, પણ અરે માણસનું ધાર્યું થતુ નથી, ઇશ્વરે શું ધાર્યું છે તે કોઈ કળી શકતુ નથી.

પૃથ્વી તણા મધ્યજ બિંદુ માંહે,
લીંટી બધી જેમ જઈ સમાએ.
આશા બધી સર્વ સુતા વિશેરે.
છે સર્વદા તેનિ ઠરિ દિશે રે. ૫૭
પાડોશમાં કો વિધવા રહે છે,
સદ્‌ભાવથી ઉભયને ચહે છે;
વર્ષો બહુથી વસિ એહ ઠામ,
તેને રૂડો પુત્ર કુસુમ નામે. ૫૮
છે બુદ્ધિવંતો ચતુરો અપાર,
તોએ ભણેલો નથિ તે લગાર;
માતા કરેછે શ્રમથી ગુજારો,
જેણે ન જોયો કદિ સુખવારો. ૫૯
રે દૈવચક્ર ફરતું ગણાએ,
તેણે લહ્યું છે સ્થિર તે સદાએ;
પુત્રી દિધીછે ઘર સારૂં જોઈ,
જાણી શકેરે ન ભવિષ્ય કોઈ. ૬૦
તીમીરનો પુંજ અપાર ભારી,
તે પંગુ દ્રષ્ટી ક્યમ ભેદનારી;

---

૫૭ જેમ જે જે સીધી લીંટીઓ ઉભી દોરી હોય તે તે સઘળી પૃથ્વી જે ગોળછે. તેના મધ્યબિંદુ વિશે જઈને ઠરે છે તેમ બાપની સઘળી આશાઓ એ છોકરીને વિશે આ-વીને ઠરી રહી છે.

૬૦ રે દૈવચક્ર=દૈવચક્ર-કાળચક્ર નિરંતર ફરતુંછે એટલે એક સ્થિતિ સદા કાયમ રહેતી નથી, એ વિશ્વનો નિયમ. ચક્ર નિરંતર ફરેછે પણ એ બાઈએતો તેને સ્થિરજ જાણ્યું છે એટલે તેનેતો કોઈ દિવસ દુઃખ મટીને સુખ થયુંજ નથી. સુખનો વારો તેણેતો જોયોજ નથી.

દુર્ભેદ્ય અત્યંત ભવિષ્ય સિંધુ,
ભેદી શકે દીર્ઘ કિરે ન ઇંદુ. ૬૧
આવી ચડે નિશ્ચય હોય ભાવી,
માનુષ્યો બુદ્ધિ નવ જાય ફાવી;
માતા પિતા સાથજ સર્વ સૂખ,
છોડી જતાં સન્મુખ જોયું દુઃખ. ૬૨
સ્વામી હતો નીજ ઉડેલ પૂરો,
નોતો જરા કો વ્યસને અધૂરો;
વારાંગનાનાં નખરાંનિ જાળે,
પૂરો ફસેલો ન વિવેક પાળે. ૬૩
શીખામણે તે બમણો રિસાએ,
તે રક્ત નેત્રે રિપુ પેર ધાએ;
સ્ત્રી રત્ન સાચે સ્વકિયા રૂપાળી,
સ્ફુલીંગ રૂપે દુખદા નિહાળી. ૬૪
છે ઔષધી નીકટ ગુણકારી,
તે મૂર્ખ રોગી ગણશે વિકારી;
પાસે રહી વસ્તુ અમુલ્ય હોએ,
અજ્ઞાનિ તેનું નહિ મૂલ્ય જોએ. ૬૫

---

૬૧ તીમીરનો પુંજ, અંધારાનો સમૂહ જ્યાં ઘણોજ ધાડો હોય ત્યાં આંખનું બળ કેમ ચાલે? આંખ તેને કેમ ભેદી શકે, કેમકે દૃષ્ટિ પંગુ એટલે પાંગળી છે, ભવિષ્યરૂપી અ-ગાધ–અત્યંત ઊંડો સમુદ્રછે. જેને લાંબા કીર્ણવાળો ચંદ્ર પણ ભેદી શકતો નથી.

૬૨ મા અને બાપ ગયાં તેઓની સાથેજ તેનું સુખ પણ ગયું.

૬૪ પોતાની સ્ત્રી રત્ન સરખી હતી પણ તેણે એ રત્ન નહિ જાણ્યું, તેણે તો ભુલીને અંગારો માની લીધો.

મોતી છતે પાસજ નીરવાળું,
શું મત્સ્ય ગુણો સમજે બિચારૂં;
વેશ્યાનિ પ્રીતી મૃગવારિ ભાસે,
મૂર્ખો ધસે તે ભણી વ્યર્થ આશે. ૯૬
અંતે રૂડી બુદ્ધિ પ્રદિપ્ત થાતાં,
જાણે છળાયા જન મોહ માતા;
જ્યારે બની કલાંત ઢળી પડેછે,
ત્યારે વૃથા ખેદ કરી રડે છે. ૯૭
વારાંગના ને વ્યસનો લુંટારા,
ઘેરી વળેછે લહિ લાગ સારા;
શોધી ધિરે વિત્ત બધું હરેછે,
કારી પ્રહારો શરિરે કરે છે. ૯૮
એવા જનોની સુખિ નોય નારી,

૯૬-૯૭ વેશ્યાની પ્રીતિ મૃગજળ જેવી છે, અને મૂર્ખ હોય તેજ તેથી લોભાયછે કેમકે તે પ્રીત ખરી નથી. મૂર્ખ લોકો ખરી પ્રીતિની ત્યાં આશા રાખે છે તે ફોગટ છે. મૃગજળ જોઈને માણસ ધાય-લોભાઇને ધાય પણ પાછળ-થી બુદ્ધિ પ્રદિપ્ત થાતાં સારી સમજ આવતાં, માણસ સમજે છે કે અરે આતો ખોટું છે અને આપણે છળાયા, તેમ વેશ્યાની ભણી મૂર્ખો ખરી પ્રીતની આશાથી ધસેછે તો ખરા પણ પાછળથી જ્યારે સદ્બુદ્ધિ પ્રગટ થાયછે ત્યારે તેઓ સમજેછે કે આતો ખોટી આશા હતી અને આપણે છળાયાં. મૃગજળ પાછળ ધાનાર ગતિ હીન થઇને અંતે પડેછે અને ખેદ કરે છે, કે જે ખેદ મિથ્યા છે કેમકે થયું તે નહિ થયું નથી થતુ, તેમજ વેશ્યાની પાછળ ધસનાર પણ સઘળી રીતે શક્તિહીન થઇને પડે છે અને અંતે શોચ કરે છે.

૯૮ વારાંગના એટલે વેશ્યા અને વ્યસન એ બન્ને લુંટા-

જેને પિડે અંતર ધુમ્ર ભારી;
કુસુમનો તાત શિખે કુછંદ,
સર્વે થયાંછે સુખતો નિકંદ. ૬૯
પોતે થયો છે સુખિ મૃત્યુ થાતાં,
સ્ત્રી પુત્ર કીધાં અદકાં પિડાતાં;
માતા સમુદ્રે નવ જોય આરો,
છે ઘોર નીરાં મહિ પુત્ર તારો. ૭૦
તે નાવ પ્રેરે બહુ સાચવીને,
વિશ્વાસ શંભુપર દાખવીને;
આવી અહીં જંગલને વસાવ્યું,
કષ્ટે સદા પોષણછે નિભાવ્યું. ૭૧
દુખી જનોને દુખિ જો મળે છે,
સંતાપ એનો અરધો ટળે છે;

રા જેવાંછે, કેમકે બન્ને તક સાંધીને ઘેરી લેછે, લુંટારા જેમ શોધી શોધીને સરવસ હરણ કરેછે તેજ પ્રમાણ એ બે પણ સઘળું વીત્ત લઈ લેછે. વિત્તમાં પૈસો ઇત્યાદી અર્થ રહેલાછે. લુંટારા જ્યમ માર મારેછે તેમ એ બે પણ શરિર ઉપર કારીપ્રહાર કરેછે, એટલે એ બેથીશરિરને ઘણીજ હાની થાય છે.

૭૦ કુસુમનો બાપ મૃત્યુ પામ્યો, તે મૃત્યુ પામ્યો તેથી તે પોતેતો સુખી થયો કેમકે કુછંદ અને પાપ અને પીડામાંથી છુટ્યો પણ પોતાના મૃત્યુથી કુસુમને અને તેની માને વધારે દુખી કીધાં, કેમકે તેઓનો આધાર ગયો. એ દુઃખ ઘણુંજ મોટું હતુ—તેનો કાંઠો નોતો. મોટા સમુદ્રમાં જેમ કાંઠો માલમ નહીં પડે અને માત્ર એક તારાને આધારે વહાણ ચલાવવામાં આવેછે તેમ કુસુમની માને થતું, દુખરૂપી મોટો સમુદ્ર–કીનારો નહિ દેખાતો એવો હતો અને તેમાં કુસુમ માત્ર તારો હતો.

સામાન્ય તેઓ દુખને કરે શું?
વ્હેંચી લઈ શાંતિ દિલે ધરે શું? ૭૨
શું. તિવ્ર કાંઈ નિજ દુઃખ જાએ,
લેતાં પરાયું દુખ ના જણાએ. ૭૩
જો તત્વમાં તત્વ સદા ભળે છે,
વારી ધસી વારિ મહિં મળે છે;
દુર્ગુણ તે દુર્ગુણથીજ મોહે,
સદ્‌ગુણ તે સદ્‌ગુણ સંગ સોહે.
સાચેજ ભાવો સરખા તણાએ,
દુઃખી ભણી તે દુખિઆરૂં ધાએ. ૭૪
બન્ને કુટુંબે ત્યમ સ્નેહ સાધ્યો,
ધિરે ધિરે તે પછિ નિત્ય વાધ્યો;
નીત્યે મળેછે સમિસાંજ થાતે,
સંતોષતાં શુદ્ધ મતિથિ વાતે. ૭૫
છે આંગણામાં વડ વૃક્ષ સામે,
જેને નિહાળી મનડું વિરામે;

૭૨-૭૩ દુખિયાંની સાથે દુખિયાં મળે તો દુખ ઓછું થાયછે. બે દુખી હોયતો બન્નેનું અરધું દુઃખ જતું રહેછે. એમ થવાનું કારણ શું? શું બન્ને પોતપોતાના દુઃખ ભેળ-સેળ કરી નાખીને સામાન્ય કરી નાખેછે અને પછી વહેંચી લેછે તેથી? એમ કરવાથી એવું થાય કે પોતાનું દુઃખ જે ઘણું તીવ્ર હોયછે તેમાંથી અડધું સામાને જાયછે અને તેને બદલે સામાનું દુઃખ જે પોતાને બહુ લાગે નહીં તેમાંનું અડધું મળેછે. અડધું જાયછે તેવું અડધું મળેછે પણ જતા અડધામાં અને આવતાં અડધાંમાં ફેરછે.

૭૪ એક સરખા ભાવ હમેશ એક બીજાનું આકર્ષણ કરે છે.

આવી પતત્રી છુપિ જયાં ગયાંછે,
શબ્દો મધુરા લયતો થયા છે. ૭૬
ધીરે ધિરે શાંતિ તહીં પ્રસારે;
વ્યોમે કળાનાથ ઉંચો પધારે,
દ્દષ્ટાંત તે નીજ બતાવિ સોમ,
શું શીખ દેવા પ્રગટે છ વ્યોમ. ૭૭
સ્થીતી ન કો વિશ્વ વિશે અખંડ,
થંભી રેહેવું ધરિ ધૈર્ય દંડ;
એ કાર્ય કાજે કરૂણાળુ ઈશે,
નિર્મ્યા શશીને મુજનેજ દીશે. ૭૮
શાંણો અને શાંત પ્રસન્ન મૂખ,
ટાળે ઘણેરૂં જગ કેરૂં દુઃખ. ૭૯
સંસાર સંસર્ગથી ખેદ વૃત્તિ,
ડોળાય પામી દિવસેજ વૃદ્ધી;

---

૭૬ પતત્રી=પક્ષી. લય=નાશ-શાંત.

૭૭ ધીરે ધીરે સઘળે શાંતિ થઈ રહે છે અને વ્યોમે એટલે આકાશમાં કળાનાથ એટલે ચંદ્રમા ઊંચો આવેછે એ ચંદ્રમાં વારૂ શા માટે ઉગતો હશે? શું પોતાનો દાખલો બતાવીને બધાને શીખામણ દેવાને ઉગતો હશે. શું શીખામણ તે નીચેની કડીમાં કહેછે.

૭૮ વિશ્વ વિશે-જગતને વિશે કોઈ પણ સ્થિતિ-હાલત અખંડ એક સરખી રહેતીજ નથી, માટે સઘળાએ ધીરજ ધારીને, દ્દઢ રહેવું જોઇયે. પરમેશ્વર પરમકૃપાળુ-દયાળુ છે અને તેથીજ તેણે આ ચંદ્રમાને, આવી શિખામણ આપી જગતને શાંત કરવાને માટે, નિમેલો છે એમ લાગેછે. ચંદ્રમાની નિમનુક કરીછે તેમાં તેનું કામ એટલુંજછે કે પોતાનો દાખલો આપીને જગતને શિખામણ દઈને શાંત કરવી.

૭૯ એ ચંદ્ર કેવા છે? શાણો, ડાહ્યો-શાંત, અને

કાળાસથી તીમિર રૂપ થાય,
દૃષ્ટી ટુંકી આંખુ બધું જણાય. ૮૦
ઉગ્યો શશી કે તમ તો પળે છે,
જ્યાં ત્યાં બધે તાપ બધા ટળેછે;
પ્હેલાં શશી દર્શણુ આપ દેતો,
આકર્ષી સૌનાં ચિત તર્ત લેતો. ૮૧
તીમીર જોતાં મહિ જાય છૂપી,
અગ્રે વધે તે પછિ દિવ્ય રૂપી;
સૌને શિરે તે પ્રથમે રૂપાળા,
મૂકે કરો આપ પિયૂષવાળા. ૮૨

પ્રસન્ન મુખ. ધીરજ આપનાર માણસ એવો હોયતો વધારે અસર કરી શકે છે.

૮૦ ચંદ્રમા અંધારાનો નાશ કરનાર છે. આખો દહાડો સંસારનાં કાર્યની ખટપટોથી માણસનું ચિત્ત ખેદ પામતાં છેક ડોળાઈ જાય છે. જ્યાં ડોળાણુ થાય ત્યાં સ્વચ્છતા નહિ હોય અને કાળાસજ હોય. એ કાળાસરૂપી અંધારૂં નાશ કરવાવાળો ચંદ્રછે બહારનું અંધારૂં નાશ કરેછે તેમજ અંદરનું અંધારૂં પણ નાશ કરે છે. ધાડું અંધારૂં હોય-બહાર-તેમાં કંઈ દેખાતું નથી, તેમજ માણસ જેનું ચિત્ત ડોળાઇને કાળું થઈ ગયું છે. તેને કંઈ સૂઝતું નથી. અંદરના અંધારામાં વિવેકરૂપી દૃષ્ટિ ભેદી શકતી નથી.

૮૧ ચંદ્ર ઉગેછે એટલે તાપ ટળી જાય છે. બહારનો તાપ મટી જાય છે અને તેમજ ચિત્તનો તાપ પણ ટળે છે ચંદ્રમા પહેલાં જ્યાં આવીને ઉભા રહે છે (દિલાસો ને શિખામણ આપનારની પેઠે) કે તરત તેને જોતાંજ સહુનો તેના ઉપર ભાવ થાયછે. સહુના મન ઉપર તે સારી અસર કરે છે.

૮૨ ચંદ્રમા દેવતામાં ગણાય છે, અને તેથી મનુષ્ય

પૃષ્ટે પછી ફેરવિ શાંતિ આપે,
એવી રિતે કષ્ટ સદાય કાપે. ૮૩
એવો શશી આપ ઉંચો પધારે,
બેને નિહાળી મનમાં વિચારે;
છે સ્થીતિ બન્નેની દુખી અપાર,
જાણું ન ક્યારે તરિ જાય પાર. ૮૪
લાજું અરે શું મુખ દેખડાવું,
વૃક્ષે ચડી અંગ હવે છુપાવું;
શિઘ્રે ઉંચે વૃક્ષ ઉપેર આવે,
કર્તવ્ય યુક્તીથિ પછી બજાવે. ૮૫
વીલંબતાં પત્રની ખોલમાંથી,

પ્રાણી ઇત્યાદિથી તે શ્રેષ્ટ છે, માટે પ્રથમ આવતા વારને તે,સહુને માથે હાથ મુકેછે તે હાથ (કીરણરૂપી) અમૃતના ભરેલા છે, શાંતિ કરવાને યોગ્ય છે.

૮૩ પછી વાંસે હાથ ફેરવે છે, અને શાંતિ આપે છે ધીરજ આપેછે, આવી રીતે તે હંમેશ કષ્ટ-દુઃખ કાપેછે.

૮૪ ચંદ્રમા ઊંચો આવતાં આ બેને એટલે કુસુમની મા તથા સુવાસિકાના બાપને જોઇને વિચાર કરે છે. શું તે નિચે બતાવે છે. એ બેની સ્થિતિ ઘણીજ દુઃખી છે અને એ દુઃખનો અંત ક્યારે આવશે તે જણાતું નથી.

૮૫ જ્યારે દુઃખ ઘણું મહાભારત હોય ત્યારે દિલાસો આપનાર માણસ આંચકો ખાય છે અને તેમાં સુખની આશા અપાય એવું નહિ હોય ત્યારેતો વિશેષ આંચકો ખાવો પડેછે. તેથી ચંદ્ર મનમાં લજ્જા પામે છે કે આ બે જણાને તે હું શું મુખ-મોહડું દેખવાડું. (કેમકે એને દિલાસો આપવા જેવું કંઈ નથી) અને માટે તે વિચાર કરેછે કે ઝાડની ટોચ ઉપર ચડી જઇ તેઓનાથી છુપાઈ

લાંબા કરેછે કર નીજ ત્યાંથી. ૮૬
તેવે રમે બાળક બેઉ ત્યાંહી,
સંભારી જેને નવિ આધી કાંઈ;
સંભારતાં શૈશવ આ તને રે,
તર્કો અનેકો ઉછળે મને રે. ૮૭
ક્યાં નિર્વિકારી દિવસો ગયા તે,
આનંદ ઉલ્લાસ તણાં લહ્યા જે;
શું સુખને દુઃખ ન વાત જાણી,
જંજાળ આ ના જગતની પિછાણી.૮૮
શું સચ્ચિદાનંદ સ્વરૂપ બાળ?
ભુલાવતો આત્મ સ્વરૂપ કાળ? ૮૯
માયા તણા ચિત્ર વિચિત્ર રંગે,
ભોળી ભમે જક્ત ભુલી ઉમંગે;

જવું એજ વધારે સારૂંછે માટે તે ઝાડની ટોચ ઉપર ચડી આવેછે અને પોતાની ફરજ પોતાને જે કામ કરવાનુંછે તે, દિલાસો આપવાનું ઇશ્વરે નિમેલું કામ યુક્તિથી-તજવીજથી કરે છે.

૮૬ તે કેવી રીતે પોતાનું કામ બજાવેછે તે બતાવ્યુંછે ઉપર છુપો રહીને વીલંબતાં-ઢીલ કરતાં-ધીરેધીરે-ઝાડનાં પત્ર-પાંદડાંઓમાં જે ખોજ રહે છે તેમાંથી પોતાના કીરણરૂપી હાથ લાંબા કરેછે.

૮૮ બાળકપણુ કેવળ આનંદનો સમય છે તેનું વર્ણન છે. તેમાં જગતની જંજાળ જણાતી નથી. બાળક એ જંજાળ જાણતું નથી. શા માટે?

૮૯ બાળક કેવળ સચ્ચિદાનંદ રૂપ હોશે તેથી એ જંજાળ તે નહિ જાણતું હોય? અને કાળ એટલે વખત જેમ જેમ જતો જાય છે તેમ તેમ તે બાળકને શું પોતાનું

ત બાળ જ્ઞાની નિરખી હસે છે,
અંતે ધિરે આપ પછી ફસે છે. ૯૦
આનંદ ઓછો વય વૃદ્ધિ થાતાં,
માયા મહી રે અંદકો ફસાતાં;
માયા દિઠી કંચની હાણ ધાણી,
અત્યંત પીડાથિ પિલાય પ્રાણી. ૯૧
નિત્યે રહે છે બગ પેર તાકી,
દષ્ટિ શિકારે કરતાંજ વાંકી;
માયા અને કંચનિ બેઉ કેરૂં,
વાધે તિમોરે બળ જો ઘણેરૂં. ૯૨

ખરૂં રૂપ ભુલવી નાખેછે ? મતલબ કે બાળક બ્રહ્મસ્વરૂપ છે. પૂર્ણ જ્ઞાનીછે, પોતે કોણછે તે સમજેછે અને તેથી તે નિર્વિકારી-નિર્લેપ છે અને તેથી તેને સદા આનંદ છે. પણ જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ માયાનો પાશ વધારે લાગતો જાયછે અને તે લાગણીના પ્રમાણમાં જ્ઞાન ઘટતું જાયછે, અંતે પોતે કોણછે તે ભુલી જાયછે, અને એ અજ્ઞાન સરવે દુખનું કારણ થઈ પડેછે.

૯૦ બાળક હસેછે તે શું છે ? અરે, માયાના અનેક ચરિત્ર તે જોય છે—એટલે બીજાઓના ઉપર તે પોતાનું બળ ચલાવેછે, અને તે એવીતો અનેક પ્રકારની યુક્તિઓ કરેછે કે આ ભોળી જગત તેથી ભેળવાઈ જાયછે અને હોંસથી તેના નાખેલી જાળમાં ઝંપલાવો પડે છે. માયાનું આવું કરતુક જોઇને અને જગતને ભોળવાઈ પડેલી જોઇને બાળક હસે છે પણ એ સઘળું સમજનાર એજ બાળક છેવટે પોતજ તેમાં ફસી પડેછે.

૯૧ હાણ=હાણી. માયા એ કંચની-વેશ્યા સરખી છે, કેમ તે પછી બતાવ્યુંછે.

૯૨ કંચની અને માયા બન્ને લાગ શોધ્યાંજ કરેછે અને

જ્યાં વેશ મિથ્યા મનમાં વસે છે,
મૂર્ખો ભમી તેનિ ભણી ધસે છે;
તેના ફુપાસે જ્યમ તે ભિડાએ,
પોતાપણું તો ત્યમ વીસરાએ. ૯૩
રે તત્વ સાચું સઘળું લુંટાએ,
ગોદા ઘણેરા પછિ આપ ખાએ;
સદ્બુદ્ધિનો સૂર્ય કદાપિ ભાસે,
પસ્તાઇને ભૂત સ્મરે નિશાસે. ૯૪

શિકારને વાંકી નજરે તાક્યાં કરેછે બન્નેનું જોર અંધારામાં વધેછે, રાત પડે એટલે કુંચનીનું બળ વધે છે અને અજ્ઞાનરૂપી અંધારૂં વધતાં માયાનું બળ વધેછે.

૯૩ કુંચની જેમ ટાપટીપ કરીને જુઠો ભપકો બતાવેછે તેમ માયા પણ ખોટા રંગ દરશાવેછે, આ જુઠો વેશ કોને છાજેછે ? જે મૂર્ખ હોય તેને. મૂર્ખ માણસજ કુંચની અને માયાની જાળમાં ફસે છે. કુંચનીના હાથરૂપી પાસમાં તે મૂર્ખ જ્યમ જ્યમ વધારે ભિડાયછે, અથવા કુંચનીના બીજા કૃત્રિમ ફાંસામાં જ્યમ જ્યમ તે વધારે ભિડાય છે, તેમ તેમ તે પોતાનું મોટાપણું, પોતાની સ્થિતિ—હું કોણછું એ વાત ભુલી જાયછે, અને તેમજ માયાના પાસમાં મૂર્ખને થાય છે.

૯૪ કુંચની અને માયા બન્ને તત્વના લૂંટનારાંછે. તત્વના અર્થ બન્ને પ્રસ્તે જુદા જુદા કરવાના છે. છેવટે પરિણામ એ થાય છે કે કુંચનીને વશ થયલો માણસ અને માયામાં ફસેલો બન્ને ગોદા ખાયછે દુઃખ પામે છે, પછી જ્યારે સદ્બુદ્ધિરૂપી સૂર્ય ઉગે—જ્યારે સારી સમજણ પ્રગટ થાય છે, ત્યારે પસ્તાવો થાય છે કે અરે આપણે આ ફસાયા ખોટું કીધું, અને ભુત-પાછલા વખતને નકામો કહાડ્યો એમ નિશાસો મુકેછે.

શીશુત્વ સાચે સુખનો સમે છે,
તે નિર્વિકારી જિવ જો ભજે છે;
સૂવાસિકા કુસુમ એઉ આપ.
સેવે સદાનંદ સુખે અમાપ. ૯૫
ચંદ્રે કર્યું જ્યાં વનને રૂપાળું,
વૃક્ષો સમંતાત ઉભાં ઘટાળુ;
નીશાચરોના ભયથી પ્રભુએ,
શું ચોકિદારો નિરમ્યાં તરૂ એ. ૯૬
ત્યાં ચાંદનીમાં અતિ બેઉ ખેલે,
એકેકની પાછળ દોટ મેલે;
જાએ પડી આથડિ કો ઘણું રે,
છે ભાન તોએ ન વ્યથા તણું રે. ૯૭
દોડી ઘણું શ્વાસ થકી ભરાતાં,
પાછાં મળે છે સ્મિત મુખ થાતાં;
પાછાં ફરી તે રમતો રમે છે,
માતા પિતાનાં મનને ગમે છે. ૯૮
વૃક્ષોનિ સ્કંધે રહિ ગુપ્ત છેક,
લે શોધ સુતે ઉચરે છ એક;
જો વાર લાગે તહિં શોધતામાં,

---

૯૬ ચંદ્રમાએ પ્રકાશીને આખા વન પ્રદેશને રૂપાળો રૂપાના રંગ જેવો સુશોભિત કરી નાખ્યો છે અને આસપાસ ઘટાવાળાં વૃક્ષો ઉભાં રહેલાં દીપે છે, તે કોણ છે? ઇશ્વરે ચોકીદાર તરીકે તો એ વૃક્ષોને નહિં ઉભાં રાખ્યાં હોય? ચોકીદારોની જરૂર શા માટે? કેમકે નિશાચરોનો ભયછે. નિશાચર એટલે ચોર, રાક્ષસ, રાત્રીને વિષે નઠારા હેતુથી ફરનાર સઘળા. ઘાતક પ્રાણીઓ પણ નિશાચર કહેવાય.

તો ધૈર્ય છાંડી જઈ થાય સામા. ૯૯
વારી હવે તો થઈ પુરિ તારી,
વારી થઈ એક કહેછ મારી;
સામા શૂણી ઉત્તર એમ આપે,
લુચ્ચાઈ એતો કરિ તેંજ આપે. ૧૦૦
મિથ્યા કરે અલ્પ લડાઈ તેઓ,
રિસાઈ રીઝી ક્રીડતાંજ એઓ;
થાકી જતાં તે ધુળમાંહ્ય બેશી,
વાતો કરેછે બહુ બાળ વેશી. ૧૦૧
ઉંચે શશી સામું જુએ નિહાળી,
માને હસેછે શશિ સામુ ભાળી;
કો આભલાં તૂલ સમાન સોહે,
તેમાં શશીને ગતિમાન જોએ. ૧૦૨
કંદર્પનો મિત્ર શશાંક નિશ્ચે,
આ બાળકોને રસ વારિ સીંચે;
અજાણતાં હાસથિ ઇંદુ જોતાં,
નેત્રે નવો આ રસ નિત્ય લેતાં. ૧૦૩

---

૧૦૨ ઊંચે ચંદ્રમા સામુ બન્ને જણાં જોય છે અને મનમાં એમ સમજેછે કે આપણને જોઇને આપણી સામુ ચંદ્રમા હસેછે. કોઈ વાદળાં જે તુલ સમાન એટલે રૂના ગાભા જેવાં દેખાય છે તે જતાં હોયછે તો છોકરાં એમ માને છે કે ચંદ્રમા એ વાદળાંમાંથી નીકળીને ખસી—નાશી જાય છે.

૧૦૩ શશાંક એટલે ચંદ્રને કંદર્પ એટલે કામદેવનો મિત્ર કહ્યોછે અને એ વાત સાચીછે કેમકે તે એટલે ચંદ્ર આ બાળકોને વિશે રસરૂપી વારી-જળનું સિંચન કરે છે એ બાળકો ચંદ્રની સામે જોયછે, ચંદ્રનો હેતુ તેઓ જાણતાં નથી અને એ અજાણપણામાં પોતાનાં નેત્રદ્વારાએ આ નવો રસ-રસિકતા-પોતાનામાં ગૃહણ કરેછે.

આ કેટલો ઈંદુ હરોજ ઉંચે,
સ્પર્શાય ગીરી રહિ ? એક પૂછે;
નિદ્રા શું એને નહિ હોય લેશ,
આવે અહીં રાત્રિ થતાં હમેશ. ૧૦૪
છે સ્વાર ઈંદુ મૃગ પીઠ સુખે,
કિંવા ભરાયું મૃગ ચંદ્ર કુખે. ૧૦૫
તારા હિરાની કણિઓ ઉજાસે,
શું નીલ વ્યોમે જડિયા પ્રકાશે;
તારા શું કોએ ગણિયા હશે રે.
કોના બળે દૂર પછિ ખસે રે. ૧૦૬
કેવું દિપે ધુમટદાર વ્યોમ,
શું સ્તંભ એને રચિયાછ ભોમ. ૧૦૭
કે દેવતાનું રૂડું એ બિછાનું,
મધ્યે શશી ચિત્રિત ફુલ નાનું;
તારા ગણો ઉજ્વળ બિંદુ નાનાં,
બેઠા હશે દેવ ઉંચે શું છાના. ૧૦૮

---

૧૦૪ બાળકોના તરંગોનું વર્ણન અહિંથી શરૂ થાયછે.

૧૦૫ ચંદ્રમાના બિંબમાં વચ્ચે હરણના જેવો ડાઘ દેખાયછે તેને માટે કહેછે કે મૃગની પીઠ ઉપર ચંદ્રમાએ સ્વારી કરીછે કે એ મૃગ ચંદ્રમાની રહોડમાં જઇને ભરાઈ બેઠું છે.

૧૦૬ તારાઓ જે દેખાયછે તે જડેલી હીરાકણી હશે. જો જડેલી હીરાકણી હોય તો પોતાની મેળે ખસી શકે નહિ ત્યારે એને કોણ ખસેડતું હશે?

૧૦૭ ધુમટદાર જે આકાશ દેખાયછે તે શેને આધારે રહેલું હશે? શું પૃથ્વી ઊપર એને માટે ઊંચાં ડામચાં મૂક્યાં હશે.

૧૦૮ નીલરંગી ચંદ્ર અને તારાથી દીપતું આકાશ જા-

તારા શશિ ક્યાં દિવસે છુપાએ,
શું કો ગુફામાં જઇને ભરાએ;
આવી પરસ્પરે અનેક વાતે,
સંતોષતાં બાળક બેઉ જાતે. ૧૦૯
એવે સુણે ત્યાં મૃદુ વાંસળીનો,
દુરે ધ્વની લ્હેકિ રહ્યો રળીનો;
બુલ્બુલનું ગાન મધુરૂં થાએ,
શાંતી સમંતાત તહિં સુહાએ. ૧૧૦
ઉંચે ગૃહો ગાન કરે નવાઇ,
અંશી જનો તે સુણતાંજ કાંઈ. ૧૧૧
રીઝાવવા શું વન દેવતાને,
આવું થતું ત્યાં ક્યમ કોઈ જાણે;
સાચે થયોછે વન દેવતાનો,
હાવાં સમે જો રમવા જવાનો. ૧૧૨
આ બાળકો ક્યાં નહિ હોય તેતો,
સૂધા ભર્યાં સુમન સોહ્ય બેતો. ૧૧૩

જમના જેવું બીછાનું હોય તેવું દેખાયછે. વચ્ચે ચંદ્રરૂપી નાનું ફુલ છાપેલું છે અને તારાઓરૂપી ધોળાં બિંદુઓ છાપેલાં છે એ બિછાના ઉપર ઊંચે દેવતાઓ બેઠા હશે પણ આપણને તે દેખાતા નથી.

૧૧૧ ગૃહો સૂર્યની આસપાસ ફરેછે અને એ ફરવાથી ઘણુંજ મધુરૂં ગાયન થતું હોય એમ જણાયછે એ ગાયન સાધારણ નથી—નવુંજ છે.

૧૧૨ આ પ્રમાણે ગાયન થઈ રહ્યું છે તે ગાયન શું વનદેવતાઓને પ્રસન્ન કરવાને થતું હોશે? એમ જણાયછે તો ખરૂં કેમકે આટલી રાત્રી ગઇછે અને વનદેવતાને અહિં ફરવા નિકળવાનો વખત થયોછે.

૧૧૩ સુવાસિકા અને કુસુમ એ બે તે વનદેવતા ક્યાં

માતા પિતા ત્યાં લલકારતાં રે,
બન્ને જણાં ઘેર વળી જતાં રે;
દેવી દયાળુ મૃદુ હસ્તવાળી,
નિદ્રા દિયે છે શ્રમ સર્વ ટાળી. ૧૧૪
દેવી પ્રતાપી નથિ અન્ય એવી,
જેને રહ્યાં પ્રાણી બધાંય સેવી;
આરોગ્યતા શાંતિ મળે ભજેથી,
પામે અભક્તો ચિત ભ્રાંતિ તેથી. ૧૧૫
સત્કર્મમાં નિત્ય પ્રવર્તનાર,
તેને લહે છે સ્મિત મુખ સાર;
દુષ્કર્મથી હોય મલીન જેઓ,
વિક્રાળ ચંડી રૂપ જોય તેઓ. ૧૧૬

નહિ હોય? દેવતાને સુમન કહેછે. ત્યારે એ બાળકો પણ ક્યાં સુમન નથી. દેવતાઓમાં મુખ્ય બે વાત છે, એક અમૃતથી સિંચન થયલા અને બીજું સુમન એટલે સારા મનવાળા, સારી નીતિવાળા—એ બન્ને વસ્તુ ક્યાં આ બાળકોમાં નથી! છેજ અને તેથી એ બન્ને વનદેવતા ક્યાં નહિ હોય?

૧૧૫ નિદ્રારૂપી દેવી છે. એ દેવીની જેઓ ભક્તિ કરેછે તેઓને દેવી પ્રસન્ન થઈ આરોગ્યતા અને શાંતિરૂપી ફળ આપેછે, પણ જેઓ તેની ભક્તિ કરતા નથી તેઓ ચિત ભ્રાંતિરૂપી માઠું ફળ ભોગવેછે. બરાબર નિદ્રા નહિ આવે તો માણસ ગાંડો થઈ જાય એમ કહેવાય છે.

૧૧૬ એ દેવીનાં દર્શણ જુદાં જુદાં માણસોને જુદાં જુદાં થાયછે. હમેશ સારાં કામ કરવાવાળાઓ તેનું-દેવીનું હસતું મુખ જોયછે. અને પાપથી-દુષ્કર્મ-નઠારાં આચરણથી જેઓ મલિન રહેછે તેઓને દેવીનું રૂપ વિક્રાળ-

સુવાસિકા કુસુમ બેઉ બાળ,
તેની પ્રતી દેવી અતી કૃપાળ;
કોઈ સમે દેવી સ્વય પ્રતાપે,
સ્વપ્નેથિ આનંદ અપાર આપે. ૧૧૭
ગુલાબની જાળ મૃદુ પ્રસરી,
તેમાં મુકેછે હળવે વિચારી;
ન્યાળી નવા ચિત્ર વિચિત્ર રંગ,
બાળો બને મગન ધરે ઉમંગ. ૧૧૮
તેમાં ફરેરી રમતો રમાડે,
એવે બિજાને દદિ બૂમ પાડે;
એ રંગ ભૂમી ક્ષણમાં હટે છે,
નિદ્રાથિ પોતે ઝબકી ઉઠે છે. ૧૧૯

બિહામણું અને કોપવાળું દેખાયછે. દેવનાં દર્શણ કરવાને પવિત્ર-શુદ્ધ થઇને જવું જોઇએ. નઠારાં કર્મ કરનારાઓને ઘોર—નઠારાં સ્વપ્નાં આવેછે એ વાત સૂચવી છે.

૧૧૮ નિદ્રારૂપી દેવી એ બે બાળકોને બહુજ સુખદાયી સ્વપ્નાં આપેછે. ગુલાબની મૃદુ એટલે કોમળ જાળ હોયની તેવી રીતે આ બાળકો છેક નાના છે, રખેને ઇજા થશે એમ સમજી, સ્વપ્નાવસ્થામાં ધીરેથી તેઓને અડસેલી.મુકેછે, અને તેમાં જતાંજ બેઉ બાળકો આશ્ચર્ય ઉપજાવે એવા દેખાવો જોયછે અને ખુશી થાયછે.

૧૧૯ નિદ્રાદેવી એ બન્ને બાળકોને સ્વપ્નામાં એક બીજાની સાથે રમાડે છે અને એ રમતમાં તેઓ એક બીજાને બુમ પાડવા જાય છે એટલે સ્વપ્નાવસ્થા ટળી જાય છે અને તેઓ જાગે છે એમ થતાં પેલી સુખ આપનારી રંગ ભૂમિ તરત અદૃષ્ટ થાય છે_ જતી રહેછે, દેખાતી બંધ થાય છે.

જોતાં દિશે બાહ્ય થતો પ્રભાત,
વાએ સુગંધી શિત મંદ વાત;
જોતાં અરૂણોદય તો થયો છે,
નીશાચરોનો ભયતો ગયો છે. ૧૨૦
શું કૂકડા કુકુ કરી પુકારે,
શું ચોપદારો નૃપકો તણારે;
"થાઓ" કહે "સાવધ સર્વ લોક"
આવે પ્રતાપી શુભ વીર કોક. ૧૨૧
જોતાં થયો જાગૃત વન દેશ,
સર્વે ધરે નુતન વેશ બેશ;
પંખો પડ્યાં ઉદ્યમમાં અનેક,
ગાજ્યોછે કોલાહલ તાંહિં છેક. ૧૨૨
ઉંચા પછી સત્વર તે ઉડેછે,
લેવા શું સામું સહુ વીચરેછે. ૧૨૩

---

૧૨૦ અહીંથી પ્રભાતનું વર્ણન આરંભ થાય છે જાણે કોઈ રાજા આવતો હોય તેમ સૂર્ય દેવ પધારે છે એમ કલ્પેલું છે.

૧૨૧ પ્રભાત થતાં કુકડાઓ કુકુ કરી રહ્યા છે. તેઓ જાણે કોઈ રાજાના ચોપદાર હોયની તેમ સર્વને, પોકારીને કહેછે કે આવો પ્રતાપવાન રાજા આવે છે માટે સહુ સાવધ થાઓ હોશીઆર થઈ જાઓ.

૧૨૨ આ પ્રમાણે ચેતવણી મળતાં સઘળો વનપ્રદેશ જાગૃત થઈ જાય છે (રાત્રી વીતી તેથી) અને નવું રૂપ ધારણ કરે છે. સારો પોષાક પહેરે છે રાત્રીનો નબળો પોષાક તજે છે. પંખીઓ ઉડાઉડ કરી મુકેછે અને ઉદ્યમમાં ગુંથાઈ જાયછે, અને સઘળે ખળભળાટ થઈરહેછે.

૧૨૩ પક્ષીઓ આકાશમાં ઊંચે ઉડવા લાગ્યાં તેથી એમ સમજાયછે કે સૂર્ય દેવને—આવતાં રાજાને, સામા તે-

આકાશ માર્ગે બનિ પ્રાચી રાતી,
શોભા ન જેની વરણી શકાતી;
કુંકુમ સિંદુર ઉરાડ્યું આજે,
એ શું માર્ગે નૃપ દેવિ કાજે. ૧૨૪
એવે પ્રતાપી પ્રગટે રવી જો,
હર્ષે ભરી વિશ્વ બધે હવી જો;
પક્ષી મધુરાં બહુ ગીત ગાતાં,
સન્માનથી સ્વાગત હોય દેતાં. ૧૨૫
વાયૂથી પ્રેરીત તરૂ અનેક,
જાણું નમાવે નિજ શીશ છેક;
પુષ્પો ખરીને પૃથ્વી સુહાવે,
જાણે લતાઓ સવિતા વધાવે. ૧૨૬

ઓ લેવાતો નહીં જતાં હોય? રાજા આવે તો નગરના લોકો સામા લેવા જાયજ.

૧૨૪ આકાશરૂપી રસ્તો છે તેમાં પૂર્વ દિશા રાતી થયલી જણાય છે. એ માર્ગે સૂર્ય પધારે છે. પુર્વદિશા રાતી કેમ થઈ ? કોઈ રાજા આવતો હોય ને સુકનને માટે સ્વારી આવતાં આગળ રસ્તામાં કુંકુમ—કંકુ તથા સિંદુર ઉરાડવામાં આવે છે તેમ શું કંકુને સિંદુરે ઉરાડેલાં છે ?

૧૨૫ આ પ્રમાણે લાલ થયલા મારગને વિશે સૂર્ય પ્રગટ થાય છે. આવતો દેખાય છે અને તેને જોઇને (જાણે રાજાને જોઇને થતી હોય તેમ) સઘળી પ્રજા હરખાઈ જાય છે. પક્ષીઓ મધુરાં ગીત ગાવા લાગ્યાં, જાણે આવતા પૂરૂષને સન્માન—આવકાર આપતાં હોયની તેમ.

૧૨૬ પવન આવવાથી વૃક્ષ, ઝાડ, ડોલવાં લાગ્યાં છે. જ્યારે કોઈ રાજા આવતો હોય ત્યારે રસ્તામાં ઉભા રહેલાં

જો પદ્મ પંકતી રહિ એક ચિતે,
મોહી નિહાળે સુરને સુપ્રીતે;
વિસ્તારતી તે ફરતો પરાગ,
દર્શાવતી શું નિજ શુદ્ધ રાગ. ૧૨૭
આવ્યો રવિ પર્વત શિખરેરે,
જાણે વિરાજે મત કુંજરે તે;
કો નાળિકેરો ગિરિ એ ઉચેછે,
બે બાજુએ ચમ્મર શું ઢળેછે. ૧૨૮

જનો તેને નીચે વળીને નમે છે તે પ્રમાણે આ વૃક્ષો પોતાનાં શીશ સુર્યને નમાવતાં હોયની તેમ દેખાય છે. પ્રભાતનો સમય થયો છે અને પવન આવે છે તેથી રાતનાં ખીલેલાં પુષ્પ ખરીને પૃથ્વી ઉપર પડેછે તે મને એમ લાગે છે કે જાણે લતારૂપી સ્ત્રીઓ સવિતા—એટલે સુર્યને ફુલથી વધાવી લેતી હોયની અને તેથી ફુલ પૃથ્વી ઉપર પડતાં હોયની તેમ દેખાય છે સવિતા શબ્દથી ઉત્પન્ન કરનારનો ભાસ થાય છે સ્ત્રીને સંતતિનો ઉત્પન્ન કરનાર હોય તેને સ્ત્રી વધાવી લે એ યોગ્ય છે.

૧૨૭ જ્યારે રાજા આવતો હોય ત્યારે ઘણી સ્ત્રીઓ જોવા મળે છે. તેમ આ કમળની પંકિત એટલે હાર ગોઠવાઈ ગઇછે સુર્યથી તે મોહ પામે છે અને સ્નેહથી તેને જોયછે. એટલે કમળ ખીલવા માંડેછે, અને કમળમાં સુગંધી પરાગ જે રહે છે તે વાયુથી ચોમેર હવામાં પ્રસરે છે, તેથી તે સ્ત્રીઓ પોતાના અંતરનો ભાવ બહાર પ્રગટ કરતી હોય તેમ દેખાય છે.

૧૨૮ એટલામાં સૂર્ય ઊંચે પર્વત ઉપર આવે છે અને તેથી મોટા કોઈ હાથી ઉપર તે બિરાજતો હોય તેવો શોભે છે પર્વત ઉપર ઊંચા નાળિએરનાં બે બાજુએ વૃક્ષો આવેલાં છે તે જાણે ચમ્મર ઢળતાં હોય તેમ શોભે છે.

ઢોલ ધ્વની આ દુર મંદિરોનો
ડંકો થતો શું નૃપ આવવાનો;
કોઇક દૈવી મુરતી પ્રકાશ,
પામે અનાચાર સમુહ નાશ. ૧૨૯
વિષ્ણુ શું ભાનુ અવતાર લઇ,
પીડા પ્રજાની પુરતી હરેછે;
જાએ અધર્મી તમ જોથિ ત્રાસી,
ધર્મિષ્ટનાં મંન રહે ઉલ્લાસી. ૧૩૦
સંઘે ભલી નિર્ભયતા ભરીછે,
આરંભ દેવાર્ચનનો કરેછે;
દેવાલયે ઘંટ રહ્યાછે વાજી,
પુષ્પો તણી જો રજ ઉડિ તાજી.૧૩૧

---

૧૨૯ દુર આવેલાં મંદીરોમાં પ્રભાતે ઢોલ વાજે છે તે શું રાજા પધારે છે તેનો ડંકો વાગતો સંભળાયછે. ત્યારે કોઇ દૈવી મૂર્તિ પ્રગટ થાય છે ત્યારે તેના પ્રભાવથી સઘળી જાતના અનાચાર નાશ પામે છે દેવ પુન્યમયી મૂર્તિ છે અને પાપનો તે નાશ કરે છે.

૧૩૦ એ સૂર્ય વિષ્નુનો અવતાર હોય એમ જણાય છે કેમકે જ્યારે જ્યારે વિષ્નુ અવતાર લેછે ત્યારે ત્યારે પ્રજાની પીડા સઘળી નાશ પામે છે અને અધર્મ રૂપી અંધારૂં નાશી જાય છે—નાશ પામે છે અને જે દેવ ભક્ત હોય છે તેનાં મન પ્રફુલિત થાય છે. તેમ સૂર્યના ઉદયથી છે. પ્રજાની રાતની પીડા જતી રહે છે, અંધારૂં નાશ પામે છે અને ધરમિષ્ટ લોકો દેવ પૂજા માટે તતપર થાય છે.

૧૩૧ દૈત્યના વરતાવેલા અધર્મને નાશ કરવા વિષ્નુ અવતાર લેછે. તેથી તેમનું રૂપ પ્રગટ થતાં લોકોને દૈત્યનો ભય જતો રહે છે અને નિર્ભયતા પ્રસરી રહે છે, તેમ સુર્ય

ધુપે સુગંધી ફરતી પ્રસારી,
છે આરતીનો ધ્વનિ ચિત્તહારી;
સૂત્રાસિકા કુસૂમ ઉઠી જોતાં,
વારી લઈ પંકજ મૂખ ધોતાં. ૧૩૨
જ્યાં દંતનું મંજન તે કરે છે,
હીરાકણી નિર્મળ ત્યાં દિપે છે;
લે રોટલાનો કકડો પછી તે,
જાડી મિઠી છાસ સું ખાય પ્રીતે. ૧૩૩
જેથી કરીને નિજ ભૂખ ભાગે,
તે તો સદા અમૃત તુલ્ય લાગે;
સદ્ વૃક્ષ એવાં કંઈ મે લહ્યાં છે,
છાસે પ્રફૂલીત અતિ જે રહ્યાં છે. ૧૩૪
આ છોડ બન ત્યમ તે વધારે,
કાંતી વિશેષે તનમાં પ્રસારે;
મોટાં થતાં ઉભય એમ બાળ,
પ્રિતી ધરે નિર્મળ ને રસાળ. ૧૩૫
જાતાં ઘણું ખેતર બેઉ સાથે,
દોડે કુદે ને રમતાંજ સાથે;
વર્ષા રૂતુમાં નવ શસ્ય દીપે,
જાણે બિછાવ્યો ગલિચો સમીપે. ૧૩૬

પણ નિર્ભયના પ્રસારે છે. દેવાર્ચન (દૈત્યના ત્રાસથી અને રાત્રી હોય તેથી) બંધ પડેલાં હતાં તે ફરી જારી થાય છે

૧૩૫ કેટલાંક વૃક્ષ એવાં છે કે જેના મૂળમાં છાસનું સિંચન થાય તો તે ખીલી નીકળે છે. તેમ આ બે બાળક રૂપી છોડ છાસનો અનુભવ કરતાં શરીરની કાંતિમાં વિશેષ શોભતાં હતાં.

૧૩૬ નવશસ્ય=નવું ઘાસ છવાઈ જાય છે તેથી જાણે લીલો ગલીચો બિછાવ્યો હોય તેવી શોભા થઈ રહે છે.

કે ઓઢણું નૂતન ભૂમિ કેરૂં,
જોતાં હરે છે ચિત જે ઘણેરૂં;
તાપે તપી સુંદરિ એ રસાળ,
સ્વામી તણા આગમનો સુકાળ. ૧૩૭
જાણી તજે રૂપ હવે કરાળ,
શૃંગાર સાધે સતિ પ્રીતિપાળ;
માટે ખરે નૂતન વસ્ત્ર ધારે,
સંયોગ સૂખે ફુલિ અંગમાંરે. ૧૩૮
શીલા રૂપી પીન પયોધરો આ,
પામ્યા ભુરી કંચુકિ કેરિ શોભા;
જ્યાં સ્રોત લેખા ઉતરે ઉંચેથી,
શું મોતિમાળા ઢળતી કુચેથી. ૧૩૯

---

૧૩૭ પણ એ ગર્ભાગો ન્હોય. એ તો પૃથ્વીરૂપી સ્ત્રીનું નવું ઓઢણું-વસ્ત્ર છે, જેને જોતાં માણસનું મન આનંદ પામે છે. એ વસ્ત્ર છે એવી ખાતરી એટલા ઉપરથી થાય છે કે એ સ્ત્રી પોતાના સ્વામિના વિયોગથી ઘણીજ તપી ગઈ છે અને તે સ્વામિના આવવાનો આ સમય છે. ગ્રિષ્મ રૂતુમાં અત્યંત તાપ પડવાથી પૃથ્વી તપી ગયલી અને હવે વર્ષા રૂતુનો સમય બેઠો છે.

૧૩૮ સ્વામિને ફરી પામવાનો સમય આવતાં પોતાનું વિકાળ, બિહામણું, રૂપ સ્ત્રી છોડી દેછે. ચીડવાયલો ચહેરો હવે દેખાતો નથી, અને તે સતિપતિવૃત ધર્મ ચાલનારી અને ખરી પ્રીતિ-સમજનારી-રાખનારી છતે—સમાગમનો સમય છે એમ જાણીને શૃંગાર ધારણ કરે છે અને તેથી પૃથ્વીએ એ નવું વસ્ત્ર ધારણ કરયું છે એમ મનાયછે.

૧૩૯ આ ડુંગરા એ સ્ત્રીના સ્તનરૂપ છે પયોધર-પયને ધરવાવાળા. ડુંગર ભુરા દેખાયછે માટે એ સ્તનો ભુરી કાંચળીમાં શોભતા હોય એમ દેખાયછે. અને ડુંગરા ઉપરથી

નેળો ભરેલી નીરથી વહે છે,
કાંચી રૂપાળી વસુધા ધરે તે;
વર્ષારૂતુ શી બલિહારિ તારી,
ચોપાસ લીલા રચિ ખૂબ ન્યારી. ૧૪૦
કાંતી ફરીછે વન પ્રાંત કેરી,
ફૂલ્યાં રસે વૃક્ષ લતા ભલેરી;
નાળાં અનેકો જળથી ભરાયાં,
જળાશયે માહિષ વૃંદ ધાયાં. ૧૪૧
જેમાં ડુબેલાં તરૂ શીશ ડોલે,
પક્ષી મુખે ગૂપત વેણ બોલે;
તેડે બિજાને તરવા શું સૂખે,
(કે) માગે સહાય બુડતાં શું દુઃખે? ૧૪૨

પાણીના ઝરણાની શેર જે નીચે ઉતરેછે તે જાણે રતનના ઉપર મોતીની માળા ઢળતી હોયની તેમ દેખાય છે.

૧૪૦ નેળોમાં પાણી ભરાઈ ગયું છે અને તેથી તે પૃથ્વીની કેડે કંદોરો હોય તેમ દીપી રહે છે. કંદોરો કેવો? રૂપાનો-વસુધા-વસુને ધારણ કરવાવાળી જે પૃથ્વી તે એ શબ્દ સૌભાગ્યવાચક છે.

૧૪૨ પાણીના મોટાં મોટાં ખાબોચીઆંમાં ઝાડ ડુબી ગયલાં છે, ને માત્ર ઉપલો ભાગ દેખાય છે. અને તેમાં પક્ષીઓ શબ્દ કરી રહ્યાં છે. એ ઝાડ પાણીમાં ઊંચાં નીચાં થતાં હોય તેવાં અને તરતાં જણાય છે. એ ઝાડ (પક્ષીનો શબ્દ થાય છે તેથી) જાણે બોલતાં હોય તેમ જણાયછે. તે છુપા શબ્દમાં સામા-જોનાર માણસને કહેછે કે અહિં તરવાનું ઘણું સારૂંછે માટે તમે આવો. અથવા તો તેઓ બુડી જવાની તૈયારીમાંછે તેથી કહેછે કે અહીં આવીને અમને મદદ કરો અમને બુડતાં બચાવો.

ખેડુત કોઈ હળ ફેરવે છે,
મારે પરાણો વૃષભો વધે છે;
શું પૃથ્વિનું ઉદર તે ચિરે છે ?
ના, ના, અરે ચોક રૂડા પુરે છે. ૧૪૩
છે કયારિઓ ત્યાં મન મોહકારી.
કારીગરી શું દરસાવિ સારી;
પાડી કંઈ પોપટિઆં સુભાત,
કુંજાર લીલી રમણી સુહાત. ૧૪૪
જેમાં ઉગેલાં તરૂઓ નથીરે,
તે શ્યામરંગી કંઈ શોભતીરે;
પાડી લિંટીઓ, હળ વાહિ ધોરી,
દોરી ઉભી ચોક વિતે શું કોરી? ૧૪૫
સંપુર્ણ વારીમય કોઈ કયારી,
રૂપેરી તે ચોક દિશે વિહારી;
છે લ્હેરિયાં કેરી સુપંકતી જેમાં,

---

૧૪૩ ખેડુત હળ હાંકે છે તેથી શંકા કરીછે કે શું તે પૃથ્વીનું પેટ ચીરે છે? તેનો ઉત્તર—ખુલાસો એવોછે કે ના, ના, તેમ નથી કરતો પણ તેતો ચોક-સાથીઆ પૂરેછે સાથીઆ કેવા તે નીચે બતાવ્યું છે.

૧૪૪ એ ચોક કીયા ? તો કે આ ક્યારીઓ-ભાતની કુચારીઓ. ભાતના છોડ છેટે છેટે હોયછે તેથી સલંગ લીલું દેખાતું નથી પણ તેમાં જાણે ભાત પાડી હોય તેવું દેખાય છે. કોઇમાં પોપટિયા રંગછે અને કોઇમાં કેવળ લીલો કુંજર રંગ દીપી રહ્યો છે.

૧૪૫ જે ક્યારીઓ—કિનામાં તરૂ ઉગ્યાંજ નથી તેમાં માટી દેખાયછે માટે તે કાળા રંગનો ચોક કલ્પેલો છે. ખેડુત તેમાં હળ ફેરવેછે તેથી તેણે સાથીઆમાં જાણે દોરી ઓતરી હોયની, કોરી કહાડી હોયની તેવી શોભા થઈ રહી છે.

મારે પતત્રી નિજ ચાંચ તેમાં. ૧૪૬
અદ્દભૂત છે ઈશ્વરની કૃતી રે,
જેથી રહ્યા મોહિ મહા જતી રે;
સાચી જહીં સુંદરતા વસે છે,
આનંદદાયી સહુને દિસે તે. ૧૪૭
લીલું લીલું ત્યાં લહિ સર્વ ઠામે,
સુવાસિકા કુસુમ હર્ષ પામે;
થાતી રૂદેમાં નવ રક્ત પ્રાપ્તિ,
જોતાં ન પામે લવલેશ તૃપ્તિ. ૧૪૮
છે મેઘબિંદુથી તૃણો ભરેલાં,
તે માંહ્ય ધાએ બનિ મત્ત ઘેલાં;
જાતાં પડી વસ્ત્ર તનું ભિંજે છે,
ભોળાં હસે ને મનમાં રિજે છે. ૧૪૯
ખંખેરતાં વસ્ત્ર ઉભાં થતામાં,
ઉંચે નિહાળે પછિ વ્યોમ સામા;
શું ધુમ્રનો હોય સમુહ જાણે,
આવ્યું ચડી વાદળ તે પ્રમાણે. ૧૫૦

---

૧૪૬ કોઈ ક્યારામાં તરૂ ઉગ્યાં નથી અને કેવળ તે પાણીથી ભરાઈ ગયેલા છે તેને રૂપેરી રંગે પૂરેલો ચોક કલ્પેલો છે. પાણીમાં વીળ આવેછે તેથી તેમાં જાણે લ્હેરિયાં પાડેલાં હોય તેમ દેખાયછે. એ લ્હેરીઆમાં પતત્રી એટલે પક્ષીઓ આવીને ચાંચ મારી જાયછે.

૧૪૯ જે ઘાસ ઉગેલું છે તેમાં પાણીનાં બિંદુ પડેલાંછે, વરસાદના છાટાંથી તે છવાયલાં છે, તેમાં બાળકો દોડે છે અને તેનો સ્પર્શ થવાથી તેમના વસ્ત્ર ભિનાં થાયછે અને દોડતાં તેઓ પડી જાયછે, તોપણ તેઓ નિર્વિકારીછે અને તેથી હસેછે અને આનંદ પામેછે.

ઘેરાઈ દીશા બધિ અંધકારે,
શું મેઘછે દાનવ રૂપમાં રે;
વિદ્યુત ધારી અસિ તેજવાળી,
એણે પટા મુહુર્મુહ ચાલી. ૧૫૧
ઉંચે રહ્યો પર્વત કો પ્રમાદે,
જો પાંખ તેની ઝટ તેહ છેદે;
હોએ અતીકાય તરૂ હટીલું,
તેને પમાડે ક્ષયને સમુળું. ૧૫૨
તે વજ્રગોળા બળથી પછાડે,
અન્યોન્ય સામે અથડાઈ ફાડે;
દારૂણુ મોટો કકડાટ ઉડે,
ધો લોહ ભૂમી ત્રુટિરે શું પૂડે. ૧૫૩

---

૧૫૧ મેઘને દાનવ એટલે દૈત્ય—રાક્ષસ કલ્પેલો છે. વિદ્યુત એટલે વીજળીરૂપી અસી એટલે તરવાર તેણે લીધેલી છે, અને એ તરવારવડે તે મુહુર્મુહ એટલે વારે વારે પટા ખેલે છે.

૧૫૨ મેઘને પર્વત ગણકારતો નથી, પર્વત ઊંચો અભિમાને-બેપરવાઇ ધારી રહ્યો હોય એમ જણાય છે અને તેથી મેઘરૂપી દાનવ ચીડવાઇને તેની-પર્વતની પાંખ-એક બાજુ વીજળીરૂપી તરવારથી કાપી નાખેછે. તેમજ અતિકાય એટલે મોટું વિશાળ કોઈ તરૂ-વૃક્ષ જો હઠીલું હોય નહીં ડગે તેવું હોય તો વીજળીવડે તેનો સમુળો નાશ કરી નાખે છે.

૧૫૩ એ દૈત્ય લોઢાના ગોળા જોરથી પછાડે છે અને તે ગોળાઓ માંહોમાંહે અથડાઇને ફાટે છે. આકાશરૂપી લોઢાની જમીન ઉપર એ ગોળા અફાળવામાં આવે છે અને તેથી મોટો ભયંકર-કડકડાટ થાય છે અને લોઢાની ધરતીઓ જાણે ફાટીને તુટી પડશે એવું લાગેછે.

તે ઘોર શબ્દે વન દેશ ધ્રૂજે,
શું વિશ્વનો નાશ સમીપ સૂઝે;
જ્યાં ગર્જના દૈત્ય કરે કરાળ,
મારે છ ચોકી મૃગરાજ ફાળ. ૧૫૪
પક્ષી પશુ સર્વ ડરી ગયાં છે,
જે સ્વીય પાસે છુપિને રહ્યાં છે;
નિઃશબ્દતાં ત્યાં પ્રસરી રહીછે,
આ બાળને મન કંઈ નહી છે. ૧૫૫
છે વાદળાંના દળ જ્યાં અપાર,
જુદે જુદે રૂપ જુએછ બાળ;
કો હસ્તિ ઉંચે નિજ સૂંઢ રાખે,
આતો દિશે ડુંગર એક ભાખે. ૧૫૬
આતો વળી સ્વાર જતો જણાએ,
આ ચાર હાથે શિવજી સુહાએ
એવા ઉઠાવી મનનાં તરંગ,
આનંદ પામે રહિ બેઉ સંગ. ૧૫૭
જ્યાં ગર્જનાઓ ગગને ઉઠેછે,
સામા અહીં બેઉ વને કુદે છે;
સૌ દામિનીનો ચમકાર થાતાં,
અન્યોઅન્ય ન્યાળી અદકાં સુહાતાં. ૧૫૮

---

૧૫૫ સ્વકીય એટલે પોતાનો, નિઃશબ્દતા=ચુપકી.

૧૫૬ એક પછી એક વાદળાં ઉપર વાદળાં જોરમાં ચાલ્યાં જાયછે, તે બેઉ બાળકો જુએછે અને તે વાદળાં જુદે જુદે રૂપે હોયછે, તેથી તે બાળકો કોઈ વાદળાંને ઊંચી સૂંઢવાળો હાથી, અને કોઈને ડુંગર હોય એમ માનેછે.

૧૫૮ ઘોડા ઉપર સ્વાર થઈ જતો હોય એવું કોઈ વાદળું દેખાય છે અને કોઈ ચાર હાથવાળા મહાદેવ હોય

વર્ષાની એવે બહુ થાય હેલી,
મૂત્રાસિકા દોડી જતી પહેલી;
વાંસે પછી કૂસુમ દોટ મૂકે,
એકેકનો સંગ ન કોઈ ચૂકે. ૧૫૯
વીશાળ કો વૃક્ષ નિચે વિરામે,
જયાં વારિધારા ન પ્રવેશ પામે;
છે વૃક્ષજાતિ, અતિ ઉપકારી,
રાખે છ બિંદુ સ્વ શરીર ધારી. ૧૬૦
તેનું કદી રક્ષણુ જે લિયે છે,
પોતે સહી કષ્ટ સુખો દિયે છે;
એવે નભસ્વાન અતીશ વાયે,
ધ્રૂજાવતો તે વન વૃક્ષ કાંએ. ૧૬૧
જે મેહના બિંદુ ઠરેલ પત્રે,
તે એકી વેળા ખરતાંજ તત્રે;
મુક્તાફળે શું તરૂ આ વધાવે,
સંતાન માની વનદેવનાં એ. ૧૬૨

એમ જણાય છે. આ પ્રમાણે મનના તરંગોમાં બન્ને બાળકો એક બીજાને સાથે રહેતાં આનંદ પામેછે.

૧૫૯ આકાશમાં ભયંકર ગર્જના થાય છે પણ તેથી બાળકો નહીં ડરતાં અહીં પૃથ્વી ઉપર તેઓ તેની સામે ઉલટાં કુદેછે. આકાશમાં સૌદામિની એટલે વિજળીનો ચમકારો થાયછે, તેજ વખતે બન્ને બાળકો એક બિજાની સામે જોયછે અને તેથી તેમનાં નેત્રનો ચમકારો થાયછે.

૧૬૧ નભસ્વાન એટલે પવન.

૧૬૨ પવન વાય છે અને તેથી ઝાડનાં પાંદડાં ઉપર મેઘના જે બિંદુઓ ઠરી રહેલાં હોયછે તે એકદમ સામટાં તે ઝાડ નીચે ઉભેલાં એ બે બાળકો ઉપર ખરર ખરી

હું મેઘવૃષ્ટી લહુંછું વિચિત્ર,
મસ્તીનું સાક્ષાત જણાય ચિત્ર;
છે ઉગ્રકો મિષ્ટ મધુ સમાના,
પી પ્રાણિ માત્રો બનતા દિવાના. ૧૬૩
કેવા છુટા જો વૃષભો કુદેછે,
આ રંક ગાયો પણ શિ મદે છે;
લીલાં તૃણાંકુર અપાર પ્રીતે,
ખાતાં ક્ષુધા તર્ત ટળી જતીરે. ૧૬૪
શું સિંહ પોતે તનને પછાડે,
મિથ્યા સુગંભીર છતે બરાડે;
કેવો મૃગાંની, મૃગ ધાય વાંસે,
શાણાઈ છાંડે ચલિયાં સ્વવાસે. ૧૬૫
ધેલો શિખિ સામે બનિ બહિં ડાહ્યો,
નાચી કરે છે બહુધા કળાઓ;
આ શાંત તન્વાંગિ નદી સદાએ,
શું મસ્તિમાં શબ્દ કરાંત ધાએ. ૧૬૬

પડેછે. એ ઝાડ આ બાળકોને વનદેવતાનાં બાળકો જાણીને જાણે મોતીએ વધાવી લેતાં હોયની તેમ તે વેળા શોભા થઈ રહેછે.

૧૬૩ વરસાદનું જે પાણી પડે છે તે વિસ્મય ઉપજાવે એવુંછે. તે શું છે? મસ્તિની સાક્ષાત મૂર્તિછે. મસ્તિ એ નહિ દેખાય એવી વસ્તુ છે-કલ્પિત-ગુણ છે. તે બરાબર રીતે સમજાય તેને માટે તેને મૂર્તિમાન કરેલું છે અને તે મૂર્તિ-એ મેઘવારી-વરસાદનું પાણી છે. કોઈ મિષ્ટ એટલે મીઠો પણ ઉગ્ર-સકત દારૂ હોયતેમ મેઘવારી દેખાય છે, કેમકે એ પાણી પીતાંવારને સઘળાં પ્રાણીઓ ગાંડાં બની જાય છે.

૧૬૪ એ મસ્તિ તથા ગાંડાઇનું વર્ણન છે.

તો માનવીને ક્યમ મસ્તિ મૂકે,
વાયૂ સુગંધી વળિ કાન ફુંકે.
સૂશ્વાસકિ કુસુમ મસ્ત હોય,
તેમાં હરે વિસ્મય થાય કોય. ૧૬૭
ચિંતા કરે માત પિતા કદાપી,
ચિંતા હરે દર્શન બેઉ આપી;
ભૂલ્યો પરંતુ મતિ અલ્પ મારી,
ન્હોએ મદીરા અમિ મેધ્ય વારી. ૧૬૮
સંજીવની સર્વ વનસ્પતી રે,
રે કેમ એથી નહિતો થતી રે;
આ દેવને છે રસ પ્રીય પેલો,
પામી ન થાએ જિવ કોણ ઘેલો. ૧૬૯
નિર્જીવ બીજો કુટિ નીકળે છે,
કો ઈશ્વરી રે ગતિને કળે છે;
ક્યાં બીજમાં વૃક્ષ રહ્યું છુપાઈ,
ક્યાંહી છુપાયું ફળ વૃક્ષ માંહી. ૧૭૦
એ બીજ ઉર્વિ ઉદરે પડેછે,
તે છોડ થાતાં ફળ નીવડે છે;
ધાન્યો ખરે એમ અનેક પાકે,

---

૧૬૮ પણ અરે હું ભુલ્યો કેમકે મારી ટુંકી બુદ્ધિ છે. એ મેધ્યવારી દારૂ નથી. દારૂતો નાશ કરવાવાળો છે અને તે પીતાં સઘળી વનસ્પતિ ફરી જીવતી કેમ થાય ? નહીં થાય, તે જીવતી થાયછે તેથી એતો અમૃત દેખાયછે કેમકે અમૃતમાં જીવતાં કરવાનો ગુણ છે. ત્યારે એ પીને સહુ મસ્ત કેમ બને છે ? એ રસ-અમૃત દેવતાને વહાલું છે અને તે જ્યાં પ્રાણીઓને મળે તો તેઓ હરખ પામે અને મસ્તિમાં આવે એમાં શી નવાઈ ?

ગાતાં હરીના ગુણ પ્રાપ્તિ થાકે. ૧૭૧
ધાન્યો બધાં જ્યાં પરિપક્વ થાએ,
ખેડુત જોતાં હરખે ફુલાએ;
સૂવાસિકા આપ પિતાનિ પ્યારી,
નિત્યે જતી ખેતરમાં સવારી. ૧૭૨
તે તાત સંગે જતિ ચાર પાસ,
ત્યાંજે પિતા ખીલતિ ખેડ આશ;
ક્યારી વિષે શાલિ રહ્યાંછ ડોલી,
કાંતી ઘણી પામિ રૂડી અમોલી. ૧૭૩
સુવાસ જેની અતિ નીકળી છે,
ખેડુતને જે કરતી રળી છે;
સૂવાસિકા ક્ષામ તનુ સુવર્ણી,
શું અપ્સરા કો ઉતરીછ ધર્ણી. ૧૭૪
વાસ સ્વભાવીક શરીર ચારૂ,
સ્પર્ધા નિમિત્તે ફરતી શું વારૂ;
તેને ઉભી નીકટમાં નિહાળી,
લાજી ધ્રુજી નીચું નમી શું શાલી. ૧૭૫

---

૧૭૩ સુવાસિકા પોતાના બાપની સાથે ખેતરમાં સઘળે ફરેછે અને તે બાપ પોતાની ખેડ આશાને—એક ખેતરમાં કરેલાં અનાજના છોડ અને બીજી સુવાસિકા ને દહાડે દહાડે ખીલતી જોયછે.

શાલી=ભાતના છુલ. અમોલી=અમુલ્ય, જેની કિમ્મત નહિં થાય તેવી.

૧૭૪ સુવાસિકા શરીરે ક્ષામ-પાતળી અને સારી કાંતિવાળી છે.

૧૭૫ તેના સુવાસિકાના શરીરમાંથી (ભાતના છોડની માફકજ) સુગંધી નીકળે છે. ભાતના છોડ અને સુવાસિકા

જે માન ખંડીત થઈ અણુછે,
ધીરે ધિરે કર્કશ તો બણુ છે;
જુવ્યાર આદી અકુરે ઉગેલાં,
છ તાત પુત્રી નિરખી રહેલાં. ૧૭૬
દીને દિને છોડ પ્રવૃધ્ધ થાતા,
રંગી પિળા પાછળથી સુહાતા. ૧૭૭
ઉભા ખિલે પાટ કંઈ જડેલું,
સાધુનું નિદ્રાસન જે કહેલું;
તેવું સુવર્ણ તરૂએ જડીત,
આ જવારનું ક્ષેત્ર દિપે ખચીત. ૧૭૮
અંતે કુટેલી ચમરી રૂપાળી,
ડોલી રહી તે સમિરે રસાળી;
કો અંગ ચેષ્ટા કરનારિ નાર',

બને શરીરે નાજુક છે, સુવર્ણી છે અને બન્નેના શરીર-માંથી સુગંધ પ્રસરે છે. સુવાસિકાએ ભાતના છોડ આ-વેલાછે ત્યાં ફરેછે તે શું તેની સાથે સ્પર્ધા-મુકાબલો કરવા ફરેછે? ભાતના છોડ હાલેછે અને નમી જાયછે, અને પુજે છે અને તેથીજ નીચું જોયછે, સુવાસિકાને પોતાનાથી અ-ધિક સુંદર જોઈને.

૧૭૬ જે સ્ત્રી માનખંડિત થાય તે પછી કઠોર થાય. તેમ આ ભાતના છોડ સુવાસિકાને જોઈને પોતાનું અભિમાન ભુલી જાયછે અને પછી ધીરે ધીરે કઠિનતાને પામેછે.

૧૭૮ જુવારના છોડ પીળા થાય છે ત્યારે તેનું ખેતર જાણે સોનાના ઉધા ખીલાએ જડેલો પાટ હોય તેવું દેખાય છે. સાધુઓ પોતાને સુવાને માટે લોઢાના ઉભા ખીલા જડેલા પાટ રાખેછે તેવો આ સોનાના ખીલાનો પાટ છે.

શું વંશ શીરેચુરહિ અંગવાળી. ૧૭૯
જોનારને વિસ્મય તે કરે છે,
જે જોઈ ત્યાંથી હરખે ફરે છે;
દાણો ભરાતાં અતિ નમ્ર થાતાં,
પક્ષી પશુઓ લુટવા ભરાતાં. ૧૮૦
તુલો તણાં રક્ષણ કાજ સાચે,
છે માળિયો એક રચેલ ઉંચે;
ઓ પંક્તિ પંખી તણિ આવી ભારી,
તેને ઉરાડે કરિ કીકિઆરી. ૧૮૧
કુસૂમ ત્યાં તે પણ નિત્ય આવે,
સુવાસિકાને મનમાંહ્ય ભાવે;
કુસૂમ માળે ચડિ જાય ઉંચે,
સૂવાસિકા ઉભી રહીછ નીચે. ૧૮૨
કુસૂમ લે ગોફણ હાથમાંહે,
જે દુષ્ટ રીપુ પશુની જણાએ;
ફૂંકે કરી તે તનમાંહ્ય જોર,
જાતી હવામાં કરતી સુશોર. ૧૮૩
કુસુમનાં લોચન તો હસે છે,
સુવાસિકા જોઈ ઉંચે હસે છે;

---

૧૭૯ અંતે-છેવટે એ છોડને ચમરી ફુટેછે, તે ઘણીજ શોભાયમાન હોય છે, તેમાં દાણા ભરાવવાના તેથી તે રસવાળી હોયછે અને પવન આવેછે તેથી તે ચમરી ડોલે છે. છોડના ઉપર ડોલતી ચમરી જાણે કોઈ અંગ કસરત કરનારી સ્ત્રી ભોંયમાં દાટેલા ઉભા વાંસ ઉપર ઉભી રહીને શરિરની કસરત કરતી હોય તેવી દેખાય છે. એ છોડનો અને તેમજ વાંસનો રંગ એકસરખો છે.

પેલો વળી હેઠળ ઉતરે છે,
પેલી શું વાતો કરતો ફરેછે. ૧૮૪
આવ્યો શિઆળો જન સુખદાઈ,
છે રંકને પોંખ ભલી વધાઈ;
છે સોંઘી માત્રા બહુ ગુણકારી,
શોધે ધની વ્યર્થજ અન્ય સારી. ૧૮૫
આવ્યો રૂડો પોંખ તણો સમેજો,
એ બેહુને દીલ ઘણું ગમેજો;
જાએ ઉઠી ખેતરમાં સવારે,
અંગીઠિમાં કુસુમ પોંખ પાડે. ૧૮૬
પ્હેલે દિયે આપ સુવાસિકાને,
સંતોષ પોતે પછિ લેઈ માને;
આણી મિઠી છાસ સુવાસિકાએ,
કુસુમને પ્રીતથિ દેતી ત્યાંહે. ૧૮૭
સાક્ષાત શું ઉજવળ પ્રીત દેછે,
સામુ અજાણે મનડું હેરેછે;
આવી પડે લૂણ કદાપી તોએ,
સુસ્વાદ તેમાં વધુ નક્કિ જોએ. ૧૮૮

---

૧૮૮ પોંખની સાથે છાસ પીવામાં આવેછે. સુવાસિકા છાસ લાવીછે તે કુસુમને આપેછે પણ એ છાસ ન્હોએ. એતો છાસના આકારમાં પોતાની ઉજ્વળ-સફેત-ઊંચી નિર્મળ પ્રીત આપેછે અને તે આપીને, અગર જો બેહુને ખબર નથી તોપણ, કુસુમનું મન તેના બદલામાં હરી લેછે. એવી પ્રીત દુધ નથી કે જેમાં લૂણ આવી પડે તો ફાટી જાય અને બગડી જાય. છાસમાં લૂણ પડે છે તો તેનો સ્વાદ ઉલટો વધેછે તેમ સુવાસિકા અને કુસુમની વચ્ચે ઉગતી પ્રીત એવી હતી કે જેમાં જો વિઘ્ન આવી પડેતો તે વધારે દીપી નીકળે.

એવે થતાં ત્યાં રમતાં બપોર,
જો વાદળી તાપ તપે કઠોર;
જાતાં પિવા પાણી કદી તળાવે,
જે પક્ષ મોટાં રૂચિરાં ખિલાવે. ૧૮૯

પાસે પશુના યુથ ત્યાં ચરે છે,
ગોવાળ નિશ્ચિંત કહીં ઠરે છે;
આસા મુંગા એ નથિ લોપતાં રે,
રંગી રવી કીર્ણુથી ઓપતાં રે. ૧૯૦

ચોંકાવતાં તિવ્ર કુદી પળે છે,
સ્વપુચ્છ શીર્ષે કલગો કરે છે;
લાગે અતી એ મન મોહકારી,
જાએ પિવા નિર્મળ કોઈ વારી. ૧૯૧

સુવાસિકા ત્યાં ઉતરી તળાવે,
પાણી પિવા મૂખ નિચું નમાવે;
જોતાં પ્રતીબીંબ જળે પ્રકાશે,
મીનાદિ જંતુ તહિં જે નિવાસે. ૧૯૨

---

૧૯૦ મુગાંઓ, પશુઓ, કોઈ રાતાં, કોઇ રૂપેરી, એમ અનેક રંગના જાનવરો હોયછે, તેના ઉપર સૂર્યનો તડકો પડેછે તેથી તેઓનો રંગ વિશેષ ચળકી રહેછે.

૧૯૧ કેટલાંક એવાં તીખાં હોયછે કે તેમને જરા ચોંકાવ્યાં હોય તો તરત ઉછળીને કુદેછે અને પોતાના પુછડાંને સીંગડાં વચ્ચે ધરીને જાણે માથે કલગો ધાર્યો હોય તેમ કરીને, ન્હાસે છે, દોડેછે.

૧૯૨–૯૩ સુવાસિકા તળાવે પાણી પિવા જાયછે અને પાણીમાં ઉતરી, પાણી પિવાને માટે નીચું–જળમાં–જોય છે. તેથી જળમાં તેના મુખનું પ્રતિબિંબ પડેછે તે પ્રતિ-

ઇંદુ ઉગ્યો ભૂલિ ધસે મુદાથી,
સુવાસિકા જોઈ ખસે ત્વરાથી;
કુંળે કરે કંકર તેહ મારે,
જંતુ છુપાઈ જળમાં જતાં રે. ૧૯૩
ખોબો કરીને જળ આપ પીવા,
જોઈ રહી શું અટકી સુગ્રીવા;
બેઉ હથેલી તણિ કોર જોડી,
છે હસ્ત દાંડી જળમાંહ્ય થોડી. ૧૯૪
બોલાવતી કૂસુમનેજ પાસે,
જો પદ્મ આપું વદતી સુહાસે;
જોડ્યા ઉભે પાણિ પછી બતાવે,
તે લાવ એવું વદતોજ ધાવે. ૧૯૫

બિંબ જોઇને જળમાં વસનારા પ્રાણીયો, જેવાં કે માછલાં એકદમ ભોળવાઈ જાયછે અને એમ સમજે છે કે ચંદ્રમા ઉગ્યો અને તેથી હર્ષ પામી પોતાની છુપી જગાએથી આગળ આવવાને ધસેછે, તેઓને જોઇને સુવાસિકા ખસી જાયછે અને પોતાના કુમળા હાથે તેઓને કાંકરા મારેછે તેથી તેઓ પાછાં જતાં રહેછે.

૧૯૪ સુવાસિકા ખોબો કરીને તળાવમાંથી પાણી પીવાની તૈયારી કરેછે પણ એટલામાં ખોબો જોતાં અટકી પડેછે. (તેના મનમાં કંઈ વિચાર આવેછે તેથી). પોતાના બે હાથની હથેલીની કોર એકઠી કરેછે અને હાથની દાંડીઓ પાણીમાં નીચી રાખેછે. (એટલે પાણીમાં અડધું ખીલેલું કમળ હોય તેમ ચેષ્ટા કરેછે)

૧૯૫ એ પ્રમાણે કરીને કુસુમને છેતરવાને, બોલાવીને કહેછે કે લે આ કમળ આપું, એમ કહી પોતાના હાથને કમળનો આકાર કરેલો છે તે બતાવે છે. કુસુમ લાવ ક્યાં છે એમ કહેતો દોડી આવેછે.

શિધ્રે લિયે તે ગ્રહિ બેઉ પાણી,
ઝાંખી દિપે તે મૃદુહાસ્ય ખાણી;
ખોભો ભરી પાણિ મુખે પિયેછે,
શું પદ્મને પદ્મરસે સિંચે છે. ૧૯૬
લાવણ્ય તેની રૂપ કાંતિ તેથી,
પ્રવૃદ્ધિ પામે શું દિને દિનેથી. ૧૯૭
ટાળે તૃષા પૂઠળ બેઉ નાનાં,
પ્રૂજે પ્રતીબિંબ જળે મુખોનાં;
ઇંદુ રવી સાથ ઉગ્યા જળે શું,
(કે) ભીરૂ રમા વીર છુપાં મળે શું. ૧૯૮

---

૧૯૬ કુસુમ તરત સમજી જાયછે અને સુવાસિકાના બેઉ હાથ તરત પકડી લે છે તેથી સુવાસિકા જે મધુરાં અલ્પહાસ્યની ખાણ છે તે ઝાંખી પડી જાયછે-જરા શરમાઈ જાયછે. પછી ખોબો ભરી સુવાસિકા (અથવા બેઉને લેઇશું તોપણ ચિંતા નહીં.) હાથનો ખોબો કરીને પાણી પીયે છે. હાથ એ પણ કમળ રૂપછે અને મુખ પણ કમળ રૂપછે, તેથી એમ લાગેછે કે કમળમાં કમળ વડે કમળનો રસ સીંચેછે- ભરેછે.

૧૯૭ શરીરની લાવણ્યતા-કાંતિની મિઠાસ-દરરોજ વધે છે તેનું કારણ પણ એજ દેખાય છે. કેમકે કમળમાં કમળનો રસ સિંચાય છે. કમળમાં લાવણ્યતા ક્યાં ઓછી છે અને તેમાં પાછો કમળનો રસ સિંચાય.

૧૯૮ પછી બન્ને બાળકો સાથે રહીને પાણી પીયેછે, તે વખત તેઓના મુખના પ્રતિબિંબ જળમાં પડેછે, જળ હાલેછે તેથી પ્રતિબિંબ હાલેછે. તેથી જળમાં જાણે ચંદ્ર અને સૂર્ય એકી વખતે સાથે-પાસે ઉગ્યા હોયની એમ દેખાય છે. પણ એમ તો નહિ બણે. ત્યારે એ શું હશે.? એતો કોઈ પ્રીતમ અને પ્રીયા જળમાં છુપાં મળેછે તેઓ

સામે તૃટે સારસ જોડ સોહે,
શું બાળને નીરખિ મન મોહે;
ઉત્કંઠેછે સ્નેહ વધારવાને,
તેડે ખરે નીકટ નેન સાને; ૧૯૯

ના ગુપ્ત વાણી સમજાઈ તેથી,
બોલાવતાં મંજુલ તે રવેથી;
છે બાળકો કેવળ નિર્વિકારો,
શું નેનના મર્મ લહે બિચારી. ૨૦૦

એ નિર્વિકારી રમતો રમેછે,
આનંદમાં દીવસ નિર્ગમે છે;
કો કાળ સાંજે ઘર જાય સાથે,
માર્ગે મધુરી વળગ્યાં છ વાતે. ૨૦૧

ક્ષીતંજ આતુર અતી હવીરે,
ખેંચી લિયે અસ્ત થતો રવીરે;
જાકત પ્રિયાની લહિ પ્રીત સાચી,

ભીરૂ એટલે બ્હીકણછે અને તેથી એકાંત સંકેતની જગાએ મળે તો છે પણ બ્હીએ છે કે રખેને કોઈ આવી પહોંચે.

૧૯૯ સામે કીનારે સારસનું જોડું છે. (તેઓ એક બીજાથી જુદાં પડતાં નથી) તે આ બાળકોની સામુ જોઇને (પોતાના સરખાં સમજીને) જાણે સ્નેહ-મિત્રાચારી કરવાને આંખની ઇશારત કરતાં હોય અને તેડતાં હોય તેમ દેખાય છે.

૨૦૦ પણ એ બેઉ બાળકો હજી નિર્વિકારી છે અને આંખના મરમો સમજતાં નથી તેથી સારસને ઉત્તર નહીં મળ્યો, માટે સારસ પક્ષી મધુરો શબ્દ કરેછે એટલે પ્રગટ રીત હવે તેઓને બોલાવતાં હોય એમ દેખાય છે.

દર્શાવતો રાગ અરૂણ રાચી,. ૨૦૨
જાવું નથી જો ગમતું લગારે,
વૃક્ષો ગીરી શિખર હસ્ત ધારે. ૨૦૩
કેવો કુંળોરે તડકો પ્રકારો,
સોને રસેલું વન સર્વ ભાસે;
શ્રૃષ્ટી લિલા ન્યાળિ મુદીત થાતાં,
સુવાસિકા કુસુમ ત્યાંથિ જાતાં. ૨૦૪
ખુંદીજતાં નાળ અને ગલીઓ,
વૃક્ષો ઘટા ભેગી જહીં મળીઓ;

૨૦૨-૩ સૂર્ય અગ્ત થવાનો વખત થયોછે, એ વખતે ક્ષીતીજ, દીગંતલીટી-જ્યાં આકાશ અને પૃથ્વી મળતાં દેખાય છે ત્યાં-સૂર્ય આવી રહ્યો છે. અને આથમતી વખતે સૂર્ય જાણે ઉંચો નીચો થતો હોય એમ દેખાય છે. ક્ષીતીજ ને અને જગતને બે સ્ત્રી અને સૂર્યને તેઓનો સ્વામિ કલ્પેલો છે. બે સ્ત્રીનો ધણી એકની સાથે ઘણો કાળ સમાગમ કરે અને બીજી તેને મેળવવાને માટે બહુ આતુર થઈ તેને-સ્વામીને પાસે જોઇને તેને ખેંચતી હોય તેમ, સૂર્યને ક્ષીતિજ રૂપી સ્ત્રી કરેછે. સૂર્ય અત્યાર સુધી જગત રૂપી સ્ત્રી સાથે સમાગમ કીધો છે તેથી તેને એમ લાગ્યું છે કે જગતની મારા ઉપર ખરેખરી પ્રીતિ છે અને તેથી એ સ્ત્રીને છોડીને તેને જવું ગમતું નથી. પણ આ વાત ખરીછે એમ કેમ જાણ્યું ? ક્ષીતિજ જ્યારે પોતાની ભણી સૂર્યને ખચે છે ત્યારે તે ઊંચો નીચો થાય છે (એટલે જગત ભણી પોતે ખેંચે છે અને ક્ષીતિજ પોતાની ભણી ખેંચેછે) અને ક્ષીતિજ ખેંચી જવાની એમ જાણીને, નહીં જવાને માટે, ઝાડ, તથા પર્વતના શીખર એટલે ટોચને પોતાના હાથ વડે (કીરણ રૂપી હાથે) બાઝી પડેછે (કેમકે એ નહી ડગે એવાં છે)

પક્ષી કરે શબ્દ અતી રસાળ,
ગાજી રહી તે થકી રમ્ય નાળ. ૨૦૫
વાસી વળી જ્યાં અરણી અપાર,
છે એદિનો વાસ મૃદુ પ્રસાર;
જાણે હવા માંહ્ય પરાગ કેરી,
અદૃષ્ટ જાળે લિધું વિશ્વ ઘેરી. ૨૦૬
આવે ખુમારી દિલ સુખકારી,
દે સર્વ પ્રાણી શ્રમને વિસારી;
માર્ગે મનુષ્યો અવરો મળેછે,
જેને પ્રમોદે તન નીગળેછે. ૨૦૭
સ્ત્રી સું પુરૂષો લલકારતાંરે,
ગાતાં ગિતો ગામ ભણી જતાંરે;
ગોવાળું ગામે વળતું મળેછે,
ગોવાળિયો પુઠળ તો પળેછે. ૨૦૮
કોઇ ભુલી ભેંસ કઠોર આડે,
દૂરે વળી કો બકરાં બરાડે;
તેમાંથિ એવે વળિ એક દોડે,
ધાએ બિગડું ને વળિ થાય જોડે. ૨૦૯
હોએ ન ક્ષેત્રે જવ રે જવાનું,
છે આંગણામાં બહુ ખેલવાનું;
જ્યાં સૂખદા બેશ વસંત બેસે,
સર્વે તરૂઓ દિપતાં સુવેશે. ૨૧૦
જ્યાં ત્યાં બધે તો વન પુષ્પ ખીલે,

---

૨૦૬ પરાગ—પુષ્પની રજ, હવામાં બધે પ્રસરી ગઇછે અને જણાય નહિ એવી તેની જાળ જાણે બંધાઈ ગઇછે કે જેમાં દરેક પ્રાણી અજાણે ફસેછે એટલે આખું વિશ્વ જાણે એ જાળે ઘેરી લીધું હોય તેમ થયું છે.

પંખી તણા શબ્દ મધુર ઝીલે;
વીવીધ રંગે નયનો ઠરેછે,
પદ્મો રૂડાં આસવને ઝરેછે. ૨૧૧
મસ્ત દ્વિરેફો રસ ચૂસિ તાને,
ગૂંજાવિ મુકે તરૂ ને લતાને;
કોકીલનો શબ્દ શુંણી મધૂરો,
વૃક્ષે ચડી જાય કુસુમ શૂરો. ૨૧૨
કમ નહિ તે પકડાય તેથી,
જાએ ઉડી પક્ષિ ચતૂર ચેતી;
હો નાખ્યું તે વૃક્ષ બધું હલાવી,
મે જાણિ તારી ચતુરાઈ આવી.
જોને હવે હું પકડુંછ કેવી,
સુવાસિકા વેણ વદંત એવી. ૨૧૩
એનો શુણી શબ્દ મૃદુ મધૂર,
ભૂલી ભુલી કોકિલ તે ચતૂર;
છે કો સ્વજાતી લહિ થાય રાજી,
આવી ફરી તે વિટપે વિરાજી. ૨૧૪
ઉંચાં કર્યાં બે મુખ પદ્મ ચારૂ,
જોતાં રિજ્યાં બાળક તર્ત વારૂ;
બાળા ભણેછે હળવેથી ત્યાંહી,
"જોજે રખે શબ્દ કરે તું કાંઈ" ૨૧૫

---

૨૧૨ કુસુમ કોકિલને પકડવાને વૃક્ષ ઉપર ચડી જાયછે.

૨૧૪ કુસુમને ઉપર પ્રમાણે કહેતાં સુવાસિકાને સાંભળીને—એટલે સુવાસિકાને બોલતી સાંભળીને કોયલ ચતુર છતાં પણ છેતરાઇ, તેણે જાણ્યું કે આતો કોઇ કોયલજ છે અને તેથી તે મનમાં રાજી થઇ ને ફરીથી ઝાડની ડાળીએ આવીને બેસેછે.

સંકોચતાં નીજ શરીર જાતી,
જાણે લતા વૃક્ષસું વીંટલાતી;
અંતે ત્વરાથી જહિં છાપ મારે.
ડાળી ધ્રુજી કોકીલ ઉડી ત્યારે. ૨૧૬

ઝાંખી પડી હેઠળ ઉતરેછે,
ન્હાના જુઠાં રે પછિ તે કરેછે;
આંબે રૂડો બર્હિ નિહાળી એવે,
કોકીલની વાત વિસારી તેવે;

લીલા લિંબા કો મરવા દિસેછે,
પક્ષીનું લેવા મનડું હિસેછે;
વાંકો વળી તે નિજ ચાંચ મારે,
જોતો ફરીને ટઉકા ઉચારે. ૨૧૮

હું જાણું ચોરી કરતાં બિહેછે,
બે બાળકો દોટ તહીં દિયેછે;

---

૨૧૬ પોતાનું શરીર સંકોચતી સંકોચતી—છેક ડબાવતી ડબાવતી સૂવાસિકા ઝાડ ઉપર ચડેછે અને તેથી ઝાડ ઉપર કોઈ નાજુક લતા વીંટળાઇને ચડતી હોય તેવી શોભા થઈ રહેછે. પણ છેવટે આતુરતાને લીધે સુવાસિકા ઉતાવળી થઇ જાયછે અને જેવી પકડવા જાયછે કે તેીજ ડાળી ધ્રુજેછે—હાલેછે અને કોયલ ચેતીને ઉડી જાયછે.

૨૧૭ એટલામાં આંબાનાં ઝાડ ઉપર મોર પક્ષીને જોયછે અને તેથી કોયલને ભુલી જાયછે. આંબા ઉપર મરવા આવેલા છે, તે લેવાને-ખાવાને પક્ષી—મોર મન કરતો હોય તેમ દેખાયછે, અને તેથી મરવામાં તે ચાંચ મારેછે, નીચું જોઇને, અને ફરી પાછી ઉંચી ડોક કરીને-આસપાસ જોઈ શબ્દ કરેછે.

આવે મુને રક્ષક ઝાલવા રે,
જાણી ઉડ્યો તૂરત ફાળમાં રે. ૨૧૯

ઉડ્યો તરૂ મોર તજી કદાપી,
બાળો રહ્યાંછે ફળનેજ ટાંપી;
તોડી ઘણીઓ ચમરી તપાસે,
છે બે અજાણ્યાં ભવિષે શું થાશે. ૨૨૦

રે કામ કેરૂં સર તિવ્ર એતો,
છે દુઃખદાયી સમજે ન બેતો;
છે યોગ્ય એ મૂજ પરાક્રમોને,
એવું શું માને મનસીજ જોને;
અત્યારથી તે લલચાવતોરે,
પોતે હજી તો ન થયો છતોરે. ૨૨૧

---

૨૧૯ મને લાગેછે કે એ પક્ષી ચોરી કરેછે અને તેથી તેમ કરતાં બીહેછે. માટે આ પ્રમાણે કરેછે, કેમકે સુવાવાસિકા અને કુસુમને વૃક્ષની ભણી દોડતાં આવતાં જોઈને આંબાના રખેવાળ પકડવા આવેછે એમ સમજીને પક્ષી-મોર ભય પામતો ઉડી જાયછે.

૨૨૦ આંબાને જે ચમરીઓ આવીછે તે બન્ને જણા હાથમાં લઈને તપાસી તપાસીને જોયછે. તેઓને એ ચમરીઓ હવે પછી દુખદાયી થઈ પડવાની છે પણ તેઓ અત્યાર પછી શું થવાનું છે તેથી અજાણ છે.

૨૨૧ એ ચમરીઓ તો કામદેવનું તીક્ષણ તીર છે અને બાળકો સમજતાં નથી કે એ કેવું દુખ દેશે. એ બાળકોને જોઈને કામદેવ—અગર જો તે પ્રત્યક્ષ થયો નથી, તોપણ શું એમ સમજી ગયોછે કે આ બાળકનું જોડું મારૂં પરાક્રમ કરવાને માટે યોગ્ય છે, એટલે તેઓના ઉપર હું મારૂં પરાક્રમ સારી રીતે અજમાવી શકીશ અને તેથી તેઓને બાળ-

વસ્તુ ધણી જે લલચાવનારી,
અંતે દમેછે થઈ દુઃખકારી;
એ• મોહમાં વિશ્વ બધું ફસાએ,
તો ત્યાગવા ક્યાં ગજું બાળ માંહે. ૨૨૨
હાંસે લિયે તે ચમરી ફરીને,
રાજી બણેછે શરિરે ધરીને;
ખાએ તુરા ત્યાં મરવા ઉતારી,
જોતાં ફરે સૂમન મોહકારી. ૨૨૩
ખીલ્યાં અનેકો વન પુષ્પ સારાં,
તેનાં કરેછે અવતંસ ન્યારાં;
સુકેશ પાસે ફુલડાં રચેછે,
હારો ભરી કોટ ઘણી લચેછે. ૨૨૪
બાંધે ભુજાએ ગજરાં ભલેરાં,
છે લોલતાં તે ફુળ કર્ણ કેરાં;
હાંસે ભર્યા શોભિત સ્મીત હાસ્યે,
બન્ને ધસેછે વડ વૃક્ષ પાસે. ૨૨૫
છેડા જટાના દઢ ઝૂમ બાંધી,
રૂડી હીંડોળા તણિ યુક્તિ સાંધી;
બંન્ને ઝુલે બેશિજ સામસામે,
મારે પગે ઠેશજ સામસામે. ૨૨૬
અંગુષ્ટ જોડી વળિ સામસામે,
ન્યાળે ઝુલંતા હસિ સામસામે;
બે એક રૂપે શું થતાં અજાણે,
શું વેદને છે સ્મૃતિ જે પ્રમાણે. ૨૨૭
આ ભિન્નતા મુરખ માત્ર દેખે,

કોને શું અત્યારથી લલચાવવા માંડ્યા છે કે તેઓ પોતાની મેળે કામદેવના બાણને ગ્રહણ કરેછે.

એકાત્મતા જ્ઞાનિ સદાય પેખે;
છુટા પછી પાગ કંઈ કેરેછે,
ઉંચે હીંગતાં ફુલડાં ખરેછે. ૧૨૮
તે સામસામે દ્રદિ આથડેછે,
કુસુમ નીચે ઉથલી પડેછે;
વાગ્યું ન વાગ્યું કરિ ઉઠિ જોતો.
લાજયો હસેછે અભિમાન ખોતો. ૧૨૯
એવી ક્રિડામાં રમતાં સદાએ,
બન્ને વિરાજીત લહ્યાં મુદાએ;
ઉડીજતા ના દિવસો જણાએ,
અત્યંત અંતે વય વૃદ્ધિ થાએ. ૧૩૦
ઝાંખી થતી બાળ દશા નિદાને,
સ્પર્શો હવાં જોબન કન્યકાને;
જાણે રૂતુ તો રૂતુને ખસેડે,
અજ્ઞેય બન્ને મળિ કોણ છેડે. ૧૩૧
નક્ષત્ર જાણે શશિ જો ચડેછે,
બાળા પ્રવેશે નવ જોબને તે,
ધીરે પ્રફુલે નવ વાટિકારે,
ને વાસવા લાગિ સુવાસિકારે. ૧૩૨
લાવણ્ય મૂર્તી અતિ દીપતી તે,
શું ઉતરી છે અવની રતી તે;
નેને ઝરેછે નવલી રતી તે,

---

૨૩૧ હવે બાલ્યાવસ્થા ઉતરવા માંડી છે અને જોબનની શરૂઆત છે, પણ કયી જગાએથી બાલ્યાવસ્થા પુરી થઈ અને કયી જગેથી જોબન શીરૂ થયું તે જણાતું નથી. જેમ એક રૂતુ પછી બીજી રૂતુ બેસેછે પણ બે કહી જગે જુદી પડેછે તે કહેવાતું નથી તેમ.

મીઠો મૃદુ મોહ પસારતી તે. ૨૩૩
સંકોચવા નીજ શરીર લાગી,
અજ્ઞાન તેને ગયુ જોઉં ત્યાગી;
રે જ્ઞાન અજ્ઞાન ગયું કશું રે,
મ ગાવું, માન્યું જગતે જયુંરે. ૨૩૪
છ લોપ ઉછંકળ વૃત્તિ તેની,
લાજે વધી કાંતિ રૂચીર એની;
કુસુમ જોતાં નથિ તૃપ્ત થાતો,
દિને દિને તે મનમાં મુઝાતો. ૨૩૫
સુવાસિકાની ભણિ ચિત્ત ધાએ,
તેને ન દેખે તવ દૂખી થાએ;
સુવાસિકાના મુખ સામુ જોએ,
જાતાં તૃષા ભુખ પિડા ન હોએ. ૨૩૬
તેને વિરો તે નિરખે નવાઈ,
થાતું કલેજ અકળીત કાંઈ;
સુવાસિકાને બહુ શ્રેષ્ટ દેખે,
તે આપને તો તૃણુ તુલ્ય લેખે. ૨૩૭
વિવેકથી દૂર હવે રહેછે,
વિશેષ તેને તદપી ચહે છે;
નિર્લજ્જતા સર્વ હવી તજી છે,
શાણાઈ સાચે સહેજ ભજી છે. ૨૩૮
સૂવાસિકાને રૂચશે નહી વા,
એવું વિચારે અનુકૂળ થાવા;

---

૨૩૪. નોટ નંબર ૮૯મી જુઓ.

૨૩૮ તેનામાં વગર કોઇને શીખવે, એની મળેજ, સ્વાભાવિક રીતેજ ડહાપણ ઇઆને વિવેક આવેલો છે.

તે સ્વચ્છતા આચરતો સદાએ,
કુવસ્ત્ર રૂચે નવ દીલ માંહે. ૨૩૯
જોતાં ફરી પ્રકૃતિ સર્વ તેની,
વાર્તા વદું હું શું વિશેષ એની;
કૂસૂમના દર્શણુ થાય જ્યારે,
સૂવાસિકા થાતિ પ્રસન્ન ત્યારે. ૨૪૦
સૂધા ભર્યાં લોચન જ્યાં મળે છે,
જોતાં છુપું રૂદય ઉછળે છે;
તીમીર તો અંતરનું ટળે છે,
સાચો ન હેતુ સલુણી કળે છે. ૨૪૧
છે મોહની જાળ વિશે ફસેલાં,
બન્ને જરાએ સમજે ન ઘેલાં;
સ્ત્રી પુરૂષોની પ્રિત હોય કેવી,
વાર્તા ન જેણે કદિ શૂણિ એવી. ૨૪૨
શું વસ્તુ ચોક્યું ચિત તિવ્ર ઈચ્છે,
તેતે બિચારાં પછિ કેમ પ્રીછે;
વીલોલતાં લોચનમાં વસીને,
કામે વિંધ્યાં છે સરથી કસીને. ૨૪૩
અદ્રષ્ટ એ માર કળ્યો ન જાએ,
ઘા છાતિનો ના સહુને જણાએ;
જ્યાં પ્રેમનો અંકુર તો ફુટે છે,
હાંસો ઘણેરી મનમાં ઉઠે છે. ૨૪૪
વિસ્તારથી ચિત્ત થતું વિશાળ,
વીનીત ને નિર્મળ ને રસાળ;
આતૂરિ ચારૂ શિખતો અજાણે,
કૂસૂમની છે રિત તે પ્રમાણે. ૨૪૫
વિદ્યા વિનાનો શરમાય ભારી,

વિદ્યા મળે કેમ જુએ વિચારી;
એવે પધારે તહિં બ્રહ્મચારી,
વિખ્યાતિ જેની અચિરે પ્રસારી. ૨૪૬
જાતો થયો કૂસુમ તેની પાસે,
સેવા વિશે તત્પર નીજ આશે;
તે શિષ્ય પેરે થઈને રહ્યો છે,
ગુરૂવિ ઉદ્દેશ ઘણો ગ્રહ્યો છે ૨૪૭
સદ્ભક્તિથી ગુરૂ થતાં પ્રસન્ન,
આપે રૂડાં આશિશનાં વચંન;
પાયે પડી કૂસુમ એક દીન,
વાણી વદે ગદ્ ગદ છેક દીન. ૨૪૮
વિદ્યા વિનાનો પશુ તુલ્ય હું છું,
મૂર્ખાઈમાં જન્મ વૃથા વહું છું;
થાઓ ગુરૂજી મુજને કૃપાળુ,
છો આપતો દેવ સમા દયાળુ. ૨૪૯
સૂણી થયા રાજી અતી અંતીથી,
મંદ સ્મિતેથી દરશાવિ પ્રીતી;
તેને કહે છે દઈ રૂડિ આશ,
છે અત્ર મે ચાતુર માસ વાસ. ૨૫૦
જો આવશે તું કદિ મૂજ સાથે,
વિદ્વાન તુને કરૂં સર્વ વાતે;
ઈચ્છા હશે જો હરિની કદાપી,
નાખું ભુંડાં બંધન તૂજ કાપી. ૨૫૧
તુંતો જણાએ મુજને ચતૂર,
વિદ્યા ભણાવું તુજને હું પૂર;
એવું કહી કૂસુમને ઉઠાડ્યો,

---

૨૫૧ બંધન અજ્ઞાનના પણ થાય તેમજ સંસાર માયાનાં પણ થાય.

આશિશથી શિધ્રજ શાંત પાડ્યો. ૨૫૨
જાવાનિ વાર્તા સુત કેરિ શૂણી,
ખેદ થઈ વ્યાકુળ છે જનૂની;
દોડી ગઇ તે અતિથી ભણીરે,
શાતાજ તેણે કરિ તે તણીરે. ૨૫૩
રે આવશે પુત્ર ફરીથી બાઈ,
ચિંતા રખે તું કરતીજ કાંઈ;
વિદ્યા ભણીને અહિં આવશે એ,
શંભૂ કૃપાથી સુખ લાવશે એ. ૨૫૪
જાણી પછી વાત સુવાસિકાએ,
છૂપૂં અતોસે મનડું મુઝાએ;
પ્રસ્થાન કાળે મળિયો કુસૂમ,
દીશે ભર્યા તે ભય રોમ રોમ;
પંખીની પેરે ફફડી રહ્યું છે,
કૂસુમનું રૂદય કુમળું જે. ૨૫૨
બન્ને જણાં અંતર ક્લેશ પામે,
જોઈ રહ્યાં ઉભય સામ સામે;
ના શબ્દ મૂખે ઉચરાય એક,
બૂડ્યો સમુદ્ર જિવ જેમ છેક. ૨૫૩
ઉંચે તરંગે જયમ આવતાંરે,
ઈંદ્રી તણાં કર્મ થતાં છતાંરે;
અંતે અતી ગદ્ ગદ કંઠથીરે,
વાણી કસૂમે હળવે કથીરે. ૨૫૪

---

૨૫૪ જેમ સમુદ્રમાં એકદમ કોઈ માણસ બુડી જાય અને અલ્પકાળ જેમ તે અગાધ જળમાં રહે છે અને તે વખતે ઈંદ્રીઓ-બહારની ઈંદ્રીઓ કંઈજ કામ કરતી નથી, તેમ કુસુમ જાયછે, ખરેખર જાય છે, જવાનો સમય થયોછે,

જાઉં છઉં સ્નેહ વધારજોરે,
બાળા કહે શીઘ્ર પધારજોરે;
ત્યાંથી હવે કુસુમ તો વળે છે,
બંને તણા જીવ બહુ બળે છે. ૨૫૫
તે બેનિ થોડા દિવશોજ સુધી,
ઉદ્વેગિ ધૂમ્રે ચિત વૃત્તિ રૂંધી;
છે ધૂમ્ર પુંજે ક્ષિણ દૃષ્ટિ છેક,
સૂઝે તહિં તે ક્યમરે વિવેક. ૨૫૬
છે દુઃખનું ઓષધ દીન વાણી,
લોકોનિ તે યુક્તજ મે પ્રમાણી;
એવ ભવ્યું વર્ષજ એક વીતે,
ચિંતા કરે તાત સુતાનિ ચિતે. ૨૫૭
કંન્યા થઈ છે વર યોગ્ય હાવે,
આ વાસ મારો તદપી વસાવે;
સારૂં મળે જો ઘર કોઇ સૂખી,
આપું હું પુત્રી, નહિ થાય દૂખી. ૨૫૮
થાશે હશે ઇચ્છિત જે હરીનું,
ભાએગ જેવું લખ્યું દીકરીનું;
એો મળ્યું છે શુભ એક માગું,
વીચારતાં યુક્ત નિશંક લાગ્યું. ૨૫૯
સ્વીકારતાં શ્રીફળ તો અપાયાં,

એમ જાણતાંજ, જુદાં પડવાનો સમય થયો એમ સમજતાંજ બન્ને શોકરૂપી સમુદ્રમાં ડુબી જાયછે અને બેમાંથી કોઈથી બોલાતું નથી પણ થોડો વખત થયા પછી બુડેલો માણસ જેમ મોજાં ઉપર ગભરાયલો ઉંચો આવેછે અને કંઈક ભાનમાં આવે છે તેમ તેઓને થયું.

૨૫૬ ઉદ્વેગરૂપી ધુમાડાએ ચિત્તવૃત્તિને રૂંધી નાખી છે.

માંગલ્યકારી ગિતડાં ગવાયાં;
મુહૂર્ત લીધું શુભ લગન કેરૂં,
વેવાઈ બેઉ હરખે ઘણેરૂં. ૨૬૦
સમ્મૃધ્ધિ વાળો વર છે કુલીન,
સદ્ વૃત્તને સુંદર અંગ લીન;
કન્યાંનું તેને દઈ દાન ચારૂ.
પિતા થયો પૂર પ્રસન્ન વારૂ. ૨૬૧
કો દક્ષણાર્થો દ્વિજ ત્યાં ગણે છે,
આશિશ ઊંચા સુરથી ભણે છે;
હેતે વળાવે પછિ પુત્રી બાપ,
જાતાં થયો તે ગગળીત આપ. ૨૬૨
નેત્રેથી મેળે નિર તો વહે છે,
છે કંઠ રૂંધ્યો દિલ ના સહે તે;
દૂર્મૂલ્ય જે નેત્ર તણું મણી છે,
જે પ્રાણની પ્રાણ સદા ગણી છે. ૨૬૩
તે જે હતી શકતી શરીરનીરે,
તેને વિદાએ કરવી તજીરે;
જ્યાં વજ્ર છાતી પણ પીગળે છે,
માયા ભિંજ્યો ત્યાં કયમ ના ગળેરે, ૨૬૪
પુત્રી વળાવી પિયુ સાથ તાતે,
તાણી સ્વદષ્ટી દુર જોય વાટે;
તે ઘેર પાછો પછિથી ફરે છે,
રે વ્યગ્ર ચિતે ન જરા ઠરે છે. ૨૬૫
સુવાસિકા ચાલી પતી સહીત,
તે સાસરામાં નિવડી વિનીત;
હેતે બધાંનું ચિત્ત તે હરે છે,

મુખાબ્જ સુવાણી સદા ઝરે છે. ૨૬૬
શું લક્ષ્મિ કુંકા પગલી પધારી,
જો રિદ્ધિ સિદ્ધિ દિધિ છે વધારી;
સ્નેહે વધાવિ પતિ નિત્ય લેતો,
કુવાક્ય તેને ન કદી કહેતો. ૨૬૭
સુવાસિકા ત્યાં વયમાં ખિલે છે,
સ્વામી સુવેણો પડતાં ઝિલે છે;
વિલાસ સૂખે રહિ તે છવાઈ,
મૂર્તિ વિરાજે જયમ પુષ્પ માંહી. ૨૬૮
કૂસૂમની ત્યાં છબિ કોઈ વાર,
નેનો સમીપે પ્રાગુયી ઉદાર,
આવી રહેતાં શશિ આનનાની,
આંચિંતિ છાએ મુખકાંતિ ગ્લાની. ૨૬૯
લજ્જાથિ નીચું ચતુરા જુએ છે,
વિવેકને ધય તદા ખુએ છે;

---

૨૬૬ મુખરૂપી કમળમાંથી સુવાણી—સારાં વચનરૂપી રસ નીકળ્યાં કરે છે.

૨૬૮ જેમ કોઈ દેવીની મૂર્તિની આસપાસ ફુલના ઢગલા રહ્યા હોય—ફુલની વચમાં તે બીરાજતી હોય તેવી રીતે સુવાસિકારૂપી દેવી વિલાસરૂપી ફુલોમાં શોભી રહી છે.

૨૬૯ કોઈવાર કુસુમની સ્મૃતિ તેને થાય છે, કુસુમની છબી તેનાં નેત્ર આગળ આવીને ઉભી રહે છે, તે છબિ સ્નેહવાળી અને ઉદાર છે, અને તેમ થાય છે ત્યારે એટલે કુસુમનિ છબિ જાણે જોતાં ચંદ્રમા સરખુ જેનું મુખ છે એવી જે તે સુવાસિકા તેના મુખ ઉપર ગ્લાની છવાઈ જાય છે ચંદ્રને જેમ વાદળું ઝાંખુ કરેછે તેમ.

શું તે છબી ગુપ્ત રિતે પુછે છે,
આ તે કર્યું તે વદ યોગ્ય શું છે ? ૨૭૦
એ શબ્દ તે કાળજ કોરિ નાખે,
ત્યાં ધૈર્ય કેવું સકુમારિ રાખે;
શું પ્રેમ તેતો સમજી હવે છે ?
તેનું હ્રદે એ નિત તો દ્રવે છે. ૨૭૧
સંભારતાં પૂર્વનિ બાળ પ્રીત,
ખેદે ભરાતી ખુબ તે ખચીત;
કુસુમનો પ્રેમ અપાર સત્ય,
દૈવી કળાએ કયમ તેનિ ગત્ય. ૨૭૨
સુધા તણો સાગર તે સુહાએ,
ક્રીડા કરે ભાગ્ય હિણી શું તાંહે;
શોધે મહા યત્નથિ એમ શાંતિ,
એવે ટળે છે દગ કેરિ ભ્રાંતિ. ૨૭૩
સ્વામીસું તેને નથિ સત્ય પ્રેમ,
તે ધર્મના તોય ચુકે ન નેમ;
સ્વામી પ્રતી હેત સદાય રાખે,
ને પુજ્ય તે દેવ સમાન ઝાંખે. ૨૭૪
સંસાર માંહે વખણાઈ સારી,
એવી હશે કો ક્વચિતેજ નારી;
સંસાર છે દર્પણ, શુદ્ધ કાચે,

---

૨૭૦ તે આંખ આગળ આર્વાને ઉભેલી છબી જાણે છુપાં વચને એમ પુછતી હોયની કે હે સુવાસિકા તું આ બિજાની સાથે પરણી એ તેં ઠીક કીધું છે ?

૨૭૧ શું હવે તે સમજી કે પ્રીતિ એ શું છે ? હા સમજી કેમકે હવે તો તેનું હૃદય પ્રીતિને હમેશ ઝરે છે તેમાંથી પ્રીતિ વહે છે.—પ્રીતિનું મૂળ છે.

રે રૂપ સાચું પ્રગટે છે સાચે. ૨૭૫
સંસાર ન્યાયાધિશ ન્યાયિ જાણો,
જેના ઠરાવો શ્રુતિવત્ પ્રમાણો;
જેને કદી ના દિઠિ પક્ષપાતી,
જેની સમક્ષે છુપિ ના છુપાતી. ૨૭૫
દોષીતને દોષિત ઉચરે છે,
સાધુજનો તો જસથી ફરે છે. ૨૭૬
ગાઉં હવે સામળ ભટ્ટ પેરે,
કુસૂમની તો ગત શિ બણેરે;
દેશે વિદેશે ફરતો ફરે છે,
અભ્યાસ ગુરૂ નિકટે કરે છે, ૨૭૭
નોતોજ સ્વાભાવિક બુદ્ધિહીણ,
પૂરો થયો શાસ્ત્ર વિશે પ્રવીણ;
ગુરૂ પ્રતાપે વધિ શુદ્ધ બુદ્ધી,
કાંતી પ્રકાશી થઈ તેજ વૃદ્ધી. ૨૭૮

---

૨૭૫ સંસાર શુદ્ધ દર્પણ—મેલ વિનાના કાચની આરસી છે અને તેમાં દરેક માણસનું ચિત્ર—તેના ચરિત્રનું ચિત્ર-ખરેખરૂં દેખાઈ આવે છે.

૨૭૫-૬—સંસારરૂપી ન્યાયાધિશ છે, તેની સમક્ષે જે આવેછે તેનો ઈનસાફ ખરેખરો તે કરે છે. એ ન્યાયાધિશને કોઈનો પણ જરા પક્ષપાત નથી, અને તેની આગળ છાની વાતો પણ કોઈ છુપાવી શકતું નથી. જે માણસ અપરાધિ છે તેને તે અપરાધી ઠેરવે છે અને જે નિર્દોષી હોય તે જસથી ફરેછે. ફરેછે એ શબ્દમાં હરવું ફરવું એ અર્થ પણ આવે છે તેમજ ન્યાયાધિશની કોરટમાંથિ નિર્દોષ ઠરેલો ત્યાંથી જાય છે, તે કોરટમાંથી જસથી પાછો વળેછે એ અર્થ પણ આવે છે.

હાવે બણ્યો યોગ્ય સુવાસિકાને,
જેને હજી પ્રાણથિ પ્રીય માને;
જોતાં મને તે હરખે ભરાશે,
આશ્ચર્ય તેને સુખદાઈ થાશે. ૨૭૯
સ્નેહાળ હાસ્યે મુજને નિહાળી,
આ મૂજ દેશે શ્રમ સર્વ ટાળી;
થાશે ન કાં ગર્વ મને ગરીષ્ટ,
થાતાં મુને પ્રાપ્ત તદા અભિષ્ટ. ૨૭૮
તેને ભણાવી ચતુરા કરીશ,
વિદ્યા વિનોદે દિન નિર્ગમીશ;
પ્રેમાંબુધીમાં રહિને નિમગ્ન,
સાચે થશે જીવ સું જીવ લગ્ન. ૨૭૯
એવાં તરંગે મન ઉછળે છે,
જાણે ન કે દૈવ ભુંડો છળે છે;
પ્રાપ્યું વળી ચિત્ત જનૂનિ માંહે,
માગી ગુરૂપાસ પછી વિદાએ. ૨૮૦
હોંસે ભર્યો તે કરતો પ્રવાસ,
જોએ સ્વ કલ્પીત ગુલાબિ ભાસ;
આવી ઠર્યો છે નિજ ઝુંપડીમાં,
માતુશ્રિનું મૃત્યુ થશે ઘડીમાં. ૨૮૧
એવી સ્થિતીમાં લહિ નીજ માતા,
ભેટી કરી છે અતિ સૂખ સાતા;
અપૂર્વ સ્નેહાશય છે જનેતા,
જેનો લહે પાર ન તત્વવેતા. ૨૮૨
સુખે મિચી આંખ સુવૃત્ત બાઈ,

---

૨૭૯ અહીંથી કુસુમના આશા ભરેલા મનના તરંગ શીરૂ થાય છે.

પુન્યાત્મ તે સંચરિ સ્વર્ગ માંહી;
સૂવામિકાનું શુણિયું વૃત્તાંત,
કુસૂમ હાવે ક્યમ હોય શાંત. ૨૮૩
છે કારિ એ દર્દજ કાળજાનું,
માની શકે કોઈ નહિ બિજાનું;
કોરે કિડો દંખજ તિવ્ર દેતો,
ધીરે ધિરે રક્તજ ચૂસિ લેતો. ૨૮૪
જ્યાં વૈદ્ય વિદ્યા પડિ છે અશક્ત,
કુસૂમ થાએ કૃપિ પેર મુક્ત;
માતા તણું ઉત્તર કાર્ય કીધું,
જાવા તહીંથી પણ તર્ત લીધું. ૨૮૫
સંકેલિ સર્વે ગૃહ કાર્ય ચાલ્યો,
જાવા પ્રદેશે ઝટ માર્ગ ઝાલ્યો;
દિક્ષા લિધિ સદ્ગુરૂ કોઈ પાસે,
જ્ઞાનોદયે અંતર બ્રહ્મ ભાસે. ૨૮૬
દેશો વિદેશો જઈ સંચરે છે,
પરમાત્માનો આશ્રયતો ધરે છે;
સાધુ અને સંત અનેક સંગે,
આનંદ મસ્તી રહી બ્રહ્મ રંગે. ૨૮૭
જાત્રા કરે છે ફરિ ઠામ ઠામે,
લાંબો સમે કો સ્થળ ના વિરામે;
છે યોગ વિદ્યા બહુપેર સાધી,
જોતાં ચડાવે ઝટ તે સમાધી. ૨૮૮
આ દેહનું સાર્થક કીધું સાચે,
નીહાળિને પૂર્વજ સ્વર્ગ રાચે;
એવા મહાત્મા અવતાર ધારી,
દેછે બધી પૂર્વજ પંક્તિ તારી. ૨૮૯

વર્ષો વિત્યાં એમ કેરેથિ કાંઈ,
વીચારતો કુસુમ મન માંહી;
જાવું હવે હીમ ગિરી ભણીરે,
ના વાંસના જ્યાં મનુષો તણીરે. ૨૯૦
માયા મહાત્મા તન કેરિ ત્યાગી,
જેને ખરી ચોટ હરીની લાગી;
તેઓ સમાધિષ્ટ થઈ રેહે છે,
સ્વાત્માનું કલ્યાણ ખરૂં કરે છે. ૨૯૧
ત્યાંતો હવે નિશ્ચય જાવું મારે,
સંસારમાં છે કશું કાર્ય મારે;
માટે જતાં પૂર્વ હું એકવાર,
સૂવાસિકાને નિરખું લગાર. ૨૯૨
છૂપી દઈ આશિશ જાઉં ત્યાંથી,
છાંડી હું તેની છબિ ચિત્તમાંથી;
એવું વિચારી ફરિ નિજ ગ્રામ,
આવી કર્યો પાદરમાં મુકામ. ૨૯૩
દેવિ તણું મંદિર જે વિરાજે,
છે વાસ તે સંત પુરૂષ કાજે;
તેમાં કર્યો છે કુસુમેજ વાસ,
છે શિષ્ય સેવા મહિ એક પાસ. ૨૯૪
ત્યાં પૂર્વની સર્વ સ્મૃતિ થતી રે,
તેથી સમંદે હસતો જતીરે;

---

૨૯૧ મહાત્મા એટલે મોટા પુરૂષો જેઓને હરીની ચોટ લાગી છે—જેઓના મનમાં બ્રહ્મભક્તિ વસીછે તેઓ આ દેહની માયા મમતા તજીને, મુકીને હીમગીરીમાં એકાંત સ્થળે સમાધી ચડાવીને રહે છે અને પોતાના આત્માનું ખરૂં કલ્યાણ કરેછે.

જાતો સરીતા તૃટ આપ સ્નાને,
સંધ્યા પુજામાં લિન નિત્ય ધ્યાને;
નાસી નદીઓ નીર સારૂ જાતી,
જોતાં જતી વિસ્મય સર્વ થાતી;
શું તેજ પુંજે ચળકીત કાંતી,
ભાનુ તણી નિશ્ચય થાય ભ્રાંતી. ૨૯૬
દીપે લલાટે વિભુતી ભરેલી,
ઓપે જટા જુટ શિરે રચેલી;
નેત્રો વિશાળાં સ્થિર નિર્મળાં છે,
દુર્વીનિતો પ્રત્ય પ્રતી કુંળા છે. ૨૯૭
આવી નમે સુંદરિ સર્વ પાયે,
કુસુમ કોને નવ ઓળખાએ;
ભાવીક કો માગતિ રોતી ત્યાંતો,
સ્વામી મટાડો દુખ મારૂં આતો. ૨૯૮
દેવી દયાળુ કરશો ભલું રે,
હું અલ્પ પ્રાણી ન કશું કળું રે;
તનું કરો સ્મર્ણ સુભાવથીરે,
એવું કેહે તે વિનવે કથીરે. ૨૯૯
ઈચ્છા ફળી છે બહુ નાર કેરી,
કીર્તિ વધી છે જતિની ઘણેરી;
વાર્તા બધે ગામ વિષે પ્રસારી,
આવ્યો રૂડો કોઈક બ્રહ્મચારી. ૩૦૦
એ દેવ સદ્ ભાગ્યથિરે મળે છે,
દુઃખો ભુંડા દર્શણથી ટળે છે;
સુવાસિકાને સખિ આવિ બોલે,
બાઈ ચલો દર્શણકાજ હાલે. ૩૦૧
મૂર્તી અલૌકીક રૂપાળી ભાસે,

રે દર્શણે પાપ સુદૂર નાસે;
એવે પ્રબોધે રિજિ સુંદરી તે,
જાવા બિજે દીવસ નીસરી તે. ૩૦૨
રાજે રૂપાળું રતિ રૂપ તેજે,
હોશે ખરે મોહિનિ રૂપ એરે;
જોગીશ જેથી ભમિ જો ગયા છે,
મોહિત દૈત્યો સબળા થયા છે. ૩૦૩
તે રૂપ આ શું પ્રગટયું અહીં રે,
જેની સુ શોભા ન જતી કહીરે. ૩૦૪
આહ્લાદકારી શશિ એક શોભે,
જોતાં ઘણા કેમ ન મન લોભે;
પીયુષ જોતાં વદનેંદુ પૂરે,
મોટા ધર્યા બે શશિ ગોળ ઉરે. ૩૦૫
છે બ કટી બે બિજના શરીરે,
છે પૂતળી ચંદ્ર મયી જશીરે;
વ્યોમે ગૃહો ચંદ્ર ઘણા શું હોએ,
તેમાંથિ આ શું ઉતર્યાંજ કોએ. ૩૦૬

---

૩૦૩ સમુદ્રમંથન કરીને બીજાં રત્નોમાં જ્યારે અમૃત કહાડયું ત્યારે તે અમૃત લેવાને માટે દૈત્ય અને દેવતાઓ વચ્ચે ઘણી લડાઈ થઈ અને તે વિષ્ણુએ મોહિની રૂપ ધારણ કરીને મટાડી અને દૈત્યોને છળ્યા તે મોહીનીરૂપ જેથી દેવ અને દૈત્ય બન્ને મોહ પામ્યા હતા.

૩૦૫-૬ એક ચંદ્રને જોતાં અત્યંત આનંદ થાય છે તો ઘણા ચંદ્ર જેને વિશે હોય તેને જોતાં કેમ મન લોભાય નહીં ! લોભાયજ-સુવાસિકાનું શરીર ચંદ્રથી ભરેલું છે એમ હવે વર્ણન કરેલું છે. તેનું મુખ એ ચંદ્રમા છે અને પીયુષ એટલે અમૃત ઝરે છે, તેનાં જે સ્તન તે બે ચંદ્ર

કામી જનોને લલચાવનારી,
આવી રસીલી નથિ અન્ય નારી;
સૂધા સદા તે શરિરે ઝરે છે,
આતૂર કામી જનને કરે છે. ૩૦૭

સાચૂં કહ્યું છે કવિ કાળિદાસે,
કાસાર શ્યામાનું શરીર ભાસે;
લાવણ્યતા નિર્મળ વારિ માંહે,
પદ્મો અનેકો રૂચિરાં સુહાએ. ૩૦૮

મોટું પ્રફુલ્યું મુખ પદ્મ છાજે,
નાનાં ઉભે લોચન પદ્મ રાજે;
ગુંજાર જેમાં ભ્રમરો કરે છે,
જોનાર કેરૂં ચિતડું હરે છે, ૩૦૯

(ગૃહના બે ગોળા) છે, તેની કટી—એટલે કેડ (ઘણી પાતળી છે તેથી તેની બે બાજુ) શુદ્દ બીજના ચંદ્ર છે, એ પ્રમાણે ચંદ્રમય પૂતળી હોયની તેવી સુવાસિકા છે. સૂર્યની આસપાસ આકાશમાં જે ગૃહો ફરે છે તેને માટે એવી શોધ થયલી છે કે કેટલાકોને જેવો પૃથ્વીને એક ચંદ્રમા છે તેવા એક કરતાં ઘણા વધારે છે અને તેથી એમ લાગે છે કે તેમાંનો કોઇ ગૃહતો પોતાના ચંદ્રો સહિત સુવાસિકાનું રૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર નહિં આવ્યો હોય.

૩૦૮ કવિ શિરોમણી કાળીદાસે કહ્યું છે કે સ્ત્રીનું શરીર કાસાર છે એટલે પાણીનું તળાવ છે અને તે ખરૂં છે કેમકે તેના શરીરની લાવણ્યતારૂપી જે વારી એટલે જળ છે તેમાં ઘણાં સારાં પદ્મો શોભી રહ્યાં છે. એ પદ્મો કીયાં તે હવે પછી કહે છે.

૩૦૯ એમાં સહુથી મોટું ખીલેલું કમળ તે મુખ છે. નાના કમળમાં બે નેત્ર છે અને એ બે કમળો છે તેની ખાત્રી એ કે તેમાં ભ્રમરા ગુંજી રહ્યા છે (આંખની કાળી કીકીરૂપ.)

છે બે સ્તનો નૂતન પદ્મ કોષ,
સ્વાદુ મધુ પૂરિત જોઉં કોષ;
બાહૂ મૃણાલે દ્વય પદ્મ પાણી,
અંતે લિખ્યો આ પદ પદ્મ જાણી. ૩૧૦
મધ્યે સુધા ઝર્ણનિ શેર છૂટે,
ત્યાં નાનું નાભી રૂપ ચક્ર ફૂટે. ૩૧૧
સાધૂતણી શું કરવા કસોટી,
જાતી સખી મોહિની લેઈ મોટી;
કામી જનો જે મદને બળેલા,
ધાએ સરે તે ચિતના ચળેલા. ૩૨૨
સંસાર બાધા દઢતાથિ ત્યાગે,
એવા સરે તે ન તણાય રાગે;
નેત્રેથિ માયા કમળો મટ્યો છે,
જેને રૂદે બ્રહ્મ સદા ઘટ્યો છે. ૩૧૩

---

૩૧૦ આ બે સ્તનોરૂપી નહીં ખીલેલા કમળના બે દોડા છે. એક મળકે તેની શી ખાત્રી? કમળમાં મધ જેવો રસ હોયછે, તે એમાં છે. મધુશબ્દે તે રસ અને તેમજ દુધ બન્ને અર્થ રહેલા છે. કમળ પરત્વે રસ અને સ્તન પરત્વે દુધ સમજવું. વળી આ હથેલીઓ તે પણ કમળકે, તેને લાંબા હાથરૂપી દાંડી છે. અને અંતે એટલે છેવટે અથવા તળાવના છેલ્લા ભાગ ઉપર પગની પાની રૂપ કમળ શોભી રહ્યાં છે.

૩૧૧ હવે જો તળાવનું પાણી જીવતુ હોય તો તેને વિશે ઝરણુ ફુટેલું હોય અને તેમ હોય ત્યારે ઝરણુની શેર જ્યાં ફુટેછે ત્યાં પાણીમાં ગોળ ચક્ર જેવું થાય છે. આ શરીરરૂપી તળાવમાં અમૃત ઝરનાર ઝરેણુની શેર છુટે છે અને તેથી વચમાં નાભીરૂપી નાનું ચક્ર દેખાય છે.

તે નેત્ર શુદ્ધે સઘળું નિહાળે,
સ્ત્રીનું વપુ ગંધક કુંડ ભાળે;
છે પ્રીતવર્ણે અદકીજ ખ્યાતી,
કુટીલ કેશો ધુમ પંક્તિ ભાતી;
આરકત જે ચક્ષુ તણાં ઉપાંત,
વહ્નિ જ્વળે તે નિત ગુપ્ત શાંત. ૩૧૪
લાવણ્ય દેહે ધૃતતો લસે છે,
મૂર્ખા પતંગો સમ ત્યાં ફસે છે;
આમીષ હોમ્યું મરદોનું જોહ,
પ્રત્યક્ષ ગોળા સ્તનતે જણાએ. ૩૧૫
દાઘેલ કાળાં મુખ તે બતાવે,
કંચૂકિમાં તે શરમે છુપાવે. ૩૧૬

---

૩૧૪ કામીજનો એ સ્ત્રીના શરીરરૂપી તળાવમાં ધસેછે બળેલા તેથી-પણ તાપ શાંત થવાને બદલે ઉલટા વધારે બળેછે, કેમકે એ તળાવ નથી. શુદ્ધ નેત્રે જોતાં એતો ગંધકનો કુંડ છે. ગંધકનો રંગ પીળો હોય છે, તેમ સ્ત્રીના શરીરનો રંગ પીળો હોય તેમ વધારે વખણાય છે. એ બળતા કુંડમાંથી ધૂમાડો નીકળે છે અને તે ધુમાડાની પંક્તિ તેના વાંકા કાળા એવા જે કેશ તે છે. સ્ત્રીના નેત્રના જે બે છેડા લાલ હોયછે તે છુપો બળતો અગ્નિ છે.

૩૧૫ શરીરની લાવણ્યતા જે ચળકે છે તે ધૃત એટલે ઘી છે. પતંગ જેમ જીવ ખોવાને દીવા પ્રતિ ધસે છે તેમ મૂર્ખ લોકો એ કુંડમાં પડવાને ધાયછે. એ જે કુંડછે તેમાં હોમ થાયછે અને મરદોના માંસને તેમાં હોમવામાં આવે છે. એ વાત કેમ જાણી ? એ શરીરરૂપ કુંડમાં સ્તનરૂપી માંસના ગોળા ખુલ્લા દેખાય છે.

૩૧૬ એ સ્તનરૂપી માંસના ગોળા અગ્નિથી કરીને દાઝેલા-બળેલાછે તેથી તેનાં મુખ કાળાંછે. આજ કારણસર

કામે બળેલા પડિ કુંડમાં એ,
તે આપનો તાપ વધુ વધારે;
કુસુમ જેવા નહિ તેથી મગન,
જે સચ્ચિદાનંદ વિશે નિમગન. ૩૧૭
છોડી કથા વાત કરૂં શું આડી,
સૂવાસિકા ચાલિ હવે અગાડી;
માર્ગે સખીથી જતી વીંટલાઈ,
તારા ગણોમાં શશિ તે સુહાઈ. ૩૧૮
આવ્યું જહી મંદિર છેક પાસે,
સૂવાસિકા ત્યાં રહી છેક વાંસે;
ખેંચે સખીઓ કર ઝાલિ તેને,
છે અંતરે લાજ અતીશ જેને. ૩૧૯
દર્ભાસને કુસુમ સ્વસ્થ રેજે,
કાંતી દિપે સૂર્ય સમાન તેજે;
રૂદ્રાક્ષ ગુંફીત જટા વિશાળ,
ભસ્મેથિ ઓપે તરતું કપાળ. ૩૨૦
રૂદ્રાક્ષ કર્ણે લટકે રૂપાળા,
રૂદ્રાક્ષની કંઠ ભરાઉ માળા;
રૂદ્રાક્ષનું ભૂષણ ભૂજને છે,
રૂદ્રાક્ષ બાંધ્યા મણિ બંધને છે. ૩૨૧
પાયે નમાવે શિશ સર્વ નારી,
સૂવાસિકા વિસ્મત જોય ધારી;

એ બે ગોળાને સ્ત્રીઓ શરમાઈને કંચુકી એટલે કાંચળી-માં છુપાવી રાખેછે.

૩૧૮ સુવાસિકા પોતાની સખિયોની સાથે મધ્યે વિરાજતી આગળ ચાલે છે અને તેથી ચંદ્રમાં તારાઓની મધ્યે ગગનમાં ચાલતો હોય એમ શોભા થઈ રહીછે.

ના રૂપ સાચું પ્રથમે કળ્યું રે,
જ્યાં નેનમાં નેન પછી મળ્યું રે. ૩૨૨
કોએ પિછાણ્યો નહિ આજ સુધી,
છે તીક્ષ્ણ ને નીપુણ પ્રેમ બુધ્ધી;
પ્રેમી દગો તે તમ પુંજ ભેદે,
પેશી રૂદે ગાઢ કુપાસ છેદે. ૩૨૩
જ્યાં સ્નેહ શોધી પટ તુટી જાએ,
આત્મા તણું ઐકયજ સદ્ય થાએ;
અજ્ઞાનિ રે દ્વૈત સદાય પેખે,
તે દ્વૈતને પ્રેમ દુરે ઉવેખે. ૩૨૪
વાયૂ પ્રસંગે ઉડિ ભસ્મ દૂર,
વન્હી પ્રકાશ્યો ફરિ પૂત પૂર;
જ્યાં તેજમાં તેજ ખરૂં ભળે છે,
ત્યાં બાપડું દ્વૈત પછી બળે છે. ૩૨૫
સૂવાસિકા કૂસૂમ જોઈ સામે,
એકાત્મતા ઉભય શૂભ પામે;
એવું થતાં ચોંકિ સુવાસિકા રે,
તેને ધસી પૂર્વ સ્મૃતી પ્રહારે. ૩૨૬
તત્કાળ મૂર્છાગત તે પડી રે,

૩૨૩ પ્રેમી નેત્ર-જે નેત્રમાં પ્રેમ રહેલો છે તેની આગળ બદલાયલું રૂપ નીભી શકતું નથી, તેને તે તરત ઓળખી કહાડેછે, ગમે તેવું ગાઢું અંધારૂં ક્યાં નહિ હોય તેને પણ તે ભેદી પાર જાયછે અને અંતઃકરણને જે કંઈ કુપાસ હોય તેને તે છેદી નાખેછે.

૩૨૬ સુવાસિકાને પાછલી વાતો તરત યાદ આવી. પાછળની વાતની સ્મૃતિએ એકદમ તેના ઉપર ધસીને પ્રહાર કર્યો.

જોતાં સખી સર્વ પડી રડી રે;
રે શું થયું શું થયું બેનિ આ તે,
સ્ત્રીઓ વદંતી ગભરાઈ જાતે. ૩૨૭
તર્કો કરે કારણ શોધવાને,
સાચું પરંતુ મુળ કો ન જાણે;
કોઈ ઉઠી નેત્ર કરે દબાવે,
કોઈ ધસી નિર્મળ વારિ લાવે. ૩૨૮
કો કાળજીથી જળ મૂખ છાંટે,
બોલાવતી કો સુમૃદુલ ધાંટે;
મૂર્છા તજે તોય નહી વનીતા,
પામી વિશેષે સખિ સવ ચિંતા. ૩૨૯
તત્કાળ કુસૂમ તદા ઉઠે છે,
સ્વ પ્રાણ પ્યારી પર તે ત્રુટે છે;
તેને સ્વ પાણી મુખ ફેરવે છે,
જે સ્નેહના પીયુષને દ્રવે છે. ૩૩૦
તે સ્પર્શનું સૂખ લહ્યું ન જાએ,
કે રોમરોમે મિઠિ શાંતિ થાએ;
નેત્રાબ્જ તેના હળવે ખિલે છે,
જોતાં ધરે ધૈર્ય સખી દિલે તે. ૩૩૧
પીડીતછું હું ગભરામણે રે,
જાઓ રહો દૂર તમે ઘણે રે;
નત્રો મિચી સુંદરી એમ બોલે,
દૂરે થઇ છે સખી સર્વ ટોળે. ૩૩૨
પામા બધી છે જડતા રગોરે,
પાછાં પ્રકાશે રસિલાં દૃગોરે;
નેહે નિરીક્ષી સ્થિર દૃષ્ટિ રાખી,
"કુસૂમ" એ શબ્દ સલુણિ ભાખી. ૩૩૩

એ બોલતાં તે ગગળી ગઈ છે,
લાજી અતી નિર્વચની થઇ છે;
"સૂવાસિકા એમ અરે ન કીજે"
કૂસૂમ બોલ્યો "કુજનોથિ બીજે." ૩૩૪
શું મેં કર્યું એમ કેહુ છ પ્યારી,
પરુતાઉછું અંતર માંહ્ય ભારી;
જોયો ન જાએ તુજ વેશ આવો,
હું કાજ કૂસૂમ બન્યો તું બાવો. ૩૩૫
હું ક્રૂર કેવી થઈછું અજાણે,
કો કષ્ટ એ કાળજનું પિછાણે;
તે પુર્વનો પ્રેમ હજી તપે છે,
રે નામ તારૂં જીવ આ જપે છે. ૩૩૬
કીધો ભુંડો મેં અપરાધ તારો,
દેજે ક્ષમા તું જિવનેશ મારો;
એવું વદંતાં વણું નેત્ર વારી,
તેને કૂસૂમે કરિ શાંત્તિ સારી. ૩૩૭
છાંટી મુખેને વળિ નીર પાઈ,
ધીરે ઉઠાડી કરિ બેઠિ બાઈ;
ચાલી સખી સું ઘર નારિ નેક,
માર્ગે પુછે પ્રશ્ન સખી અનેક. ૩૩૮
ચાતુર્યથી તે સહુને ઉડાવી,
પાછી પડીછે નિજ ઘેર આવી,
સંતાપ વાધ્યો નવ કાંઈ સૂઝે,
પા કાળજાનો કયમ કારિ ફૂઝે. ૩૩૯
કીધા ઉપાયો પતિએ અપાર,
તોએ થતી ક્ષીણુ સલુણિ નાર;
અંતે પિડાનો તહિં અંત આવ્યો,

વૈકુંઠ વાસે જિવડો સિધાવ્યો. ૩૪૦
કલ્પાંત સ્નેહી જન તો કરે છે,
આંસૂની ધારા નયનો ઝરે છે;
વાર્તા જદા એ કુસુમેજ શૂણી,
શોકે રહ્યો મસ્તક નીજ ધુણી. ૩૪૧
તે ઉભરા અંતરમાં સમાવે,
કોને ખરૂં ભીતર ના જણાવે;
રાત્રી થતાં શિષ્ય ગુરૂ સુતા તે,
સેવાતુરો શિષ્ય ઉઠ્યો પ્રભાતે. ૩૪૨
જોતાં ગુરૂને નહિ ત્યાં નિહાળે,
છે પુષ્પનો પુંજ સમીપ ભાળે;
મંદીર માંહી ધ્વનિ ગૂઢ ગાજે,
વકુઠમાં સદ્‌ગુરૂ તે વિરાજે. ૩૪૩
શૂણી થયો શિષ્ય પુરો ચકીત,
તે પુષ્પ પુંજે નમિયો પુનીત;
હેતે ધરી મસ્તક પુષ્પ પોતે,
શોકે વિંટેલો તહિંથી જતો તે. ૩૪૪